સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




**આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો**

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

## WhatsApp કરો

## તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવા:ડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

**પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર**

**જાહેરાત માટે સંપર્ક કરોઃ**
**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે**
**94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

## સાત હનુમાન મંદિર પાસે મહાકાલેશ્વરધામ સોસાયટીમાં રમેશ ટીડા મકવાણા, જંયતી અને જીતુએ રમી રાજ રમત...

# રાજકોટમાં ફરી બહાર આવી વગદારોની લીલા; પ્લોટ પચાવી પાડયાની અરજદારની રજૂઆત


અરજદાર નિખીલભાઇ રંગાણીએ સૌરાષ્ટ્રક્રાંતી સમક્ષ પોતાની વ્યથા વર્ણવી


રમેશ ટીડા મકવાણા, જયંતીભાઇ, જીતુભાઇએ દબાવેલા પ્લોટની તસવીર

**અરજદારે પોતાના પ્લોટમાં ઇલેકટ્રીક મીટર માટે અરજી કરી મીટર મુકાવ્યુ હતું, ભુમાફીયાઓએ મીટરને થાંભલે ચડાવી દીધાનો આક્ષેપ**

**રમેશ ટીડા મકવાણાના ભાઇ રાજકીય ક્ષેત્રે મોટું નામ ધરાવતા હોવાથી રાજકીય બળ મળ્યું હોવાથી કામ પાર પડાયાનો પણ આક્ષેપ**

**વારંવાર અરજીઓ કરવા છતાં કુંવાડવા પોલીસે ધ્યાન ન દીધાનો આક્ષેપઃ અરજદારે ૨૦૨૦થી કુવાડવા પોલીસ સ્ટેશન સહિત કમિશનર ઓફીસે પણ લેખિત અરજીઓ કરી પણ ન્યાય ન મળ્યનો આક્ષેપ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૬

થોડી અમથી રાજકીય વગ હોય તો અનેક એવા લોકો હોય છે કે જે ન કરવાના કામ પણ કરવા લાંગતા હોય છે તેવો જ એક કિસ્સો સામે આવ્યો છે. સામાકાંઠાના વિસ્તારમાં રહેતા નિખીલભાઇ હિંમતભાઇ રંગાણીએ સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયની મુલકાત લઇને પોતાની વ્યથા ઠાલવી હતી. નિખીલભાઇએ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, તેના પિતા વખતનો સાત હનુમાન મંદિર પાસે મહાકાલેશ્વરધામ કો.ઓ.હા.સોસા (સુચિત)માં પ્લોટ છે જેમાં રમેશ ટીડા મકવાણા, જીતુભાઇ, જયંતીભાઇએ ગેરકાયદેસર રીતે કબ્જો કરી લીધો છે અને તેના વિરૂધ્ધ સ્થાનિક કુવાડવા પોલીસ તથા પોલીસ કમિશનરને અનેક વખત રજૂઆત કરવા છતાં તેની સામે કોઇ કાર્યવાહી થઇ શકતી નથી કારણ કે રાજકીય વગ ધરાવે છે. છેલ્લા ઘણા વર્ષોથી અરજદારે પોતાનો પ્લોટ દબાવનાર ભુમાફીયાઓ સામે લડતના મંડાણ માડ્યા છે પરંતુ પોલીસની પણ ક્યાંક સાંઠગાંઠ હોવાને કારણે ન્યાય મળી જ ન શકયોનો વસવસો વ્યકત કર્યો હતો.

અરજદારે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૧૩માં મારા પિતા સહિત અમારા આખા પરિવારે દવા પીને આત્મ હત્યાનો પ્રયાસ કર્યો હતો. જેમાં માતા-પિતાનું સારવાર દરમ્યાન મોત થયું હતું અને અમે બે ભાઇઓ સારવાર બાદ બચ્યા હતા.

મારા પિતાએ આર્થિક સંકડામણને કારણે જીંદગી ટુંકાવી હતી અમારી પાસે હાલમાં મૂડી તરીકે એક પિતાનો વારસામાં મળેલો એક આ પ્લોટ જ હતો જેના કાગળો પણ અમારી પાસે છે. પરંતુ ભુમાફીયા ઉંચી વગ ધરાવતા હોવાને કારણે કંઇ કાર્યવાહી થઇ શકી નથી.

અરજદારે પોલીસને અનેક વખત અરજીઓ કરી હોવા છતાં પોલીસ તરફથી પણ સહકાર ન મળ્યો. અરજીમાં રજૂઆત કરતાં જણાવ્યું છે કે, ફરિયાદીના પિતા હિંમતભાઈ ભવાનભાઈ રંગાણી કે જેઓએ મહાકાલેશ્વરધામ કો.ઓ.હા.સોસા. (સુચિત)માં તા.૨૨/૦૬/૧૯૯૯ ના રોજ સુચિત સોસાયટીમાંથી એક પ્લોટ લીધેલ હતો. જે પ્લોટ નં. ૨૩ની જમીન ચો.વા.આ. ૪૧૯-૪૪ છે અને આ સોસાયટી દ્વારા અમારા પિતાને શેર સર્ટીફિકેટ તેમજ પ્રમાણપત્ર આપવામાં આવેલ હતું અને જે હાલમાં અમારી પાસે અસલ છે.

અમો ફરિયાદીના પિતા તથા માતાનું અવસાન તા.૩૦/૦૧/૨૦૧૩ ના રોજ થયેલ છે અને અમોના માતા-પિતાના અવસાન પહેલા પ્લોટ અમારા પિતાએ અન્ય કોઈ વ્યકિતને વેંચાણ કે તબદીલ કે ગીરવી મુકેલ નથી, જેની અમોને સ્પષ્ટ ખાત્રી છે. ઉપરોકત પ્લોટ અમારા પિતાના એકમાત્ર માલિકીનો અને કબ્જા ભોગવટાનો છે અને પ્લોટમાં અમોએ એક વર્ષ પહેલા સાફસફાઈ કરી પ્લોટ ફરતે દિવાલનું બાંધકામ કરી ડેલો મુકેલ છે અને પ્લોટનો કબ્જો હાલ અમો અમારા પિતાના સીધીલીટીના વારસદાર હોય જેથી અમારી પાસે જ છે. પરંતુ અમોને થોડા દિવસ પહેલાં અમારા પિતાની મિલ્કત ઉપર અન્ય કોઈ અજાણી વ્યક્તિએ કબ્જો કરી લીધેલ હોય જેની જાણ અમોને થતાં અમોએ સ્થળ ઉપર જઈ તપાસ કરતાં જોવા મળેલ કે, અમારા પિતાની મિલ્કતમાં જીતુભાઈ નામ લખેલું બોર્ડ મારેલા છે અને જેમાં લખેલ છે કે, આ પ્લોટ મારી માલિકીનો છે અને નીચે મોબાઈલ નંબર દર્શાવેલ છે.

આમ પ્લોટ ઉપર ગેરકાયદેસર રીતના આ જીતુભાઈ નામની વ્યક્તિએ કબ્જો કરી લીધેલ છે. જે અંગે અમોએ સૌપ્રથમ કુવાડવા પો. સ્ટે. માં આરોપી જીતુભાઈ વિરૂધ્ધ તા.૧૮ /૦૬/ ૨૦૨૦ ના રોજ લેખિત ફરીયાદ આપેલ હતી અને ત્યારબાદ બે-ત્રણ દિવસ બાદ આ કામના આરોપી નં. ૨ તથા આરોપી નં. ૩નાએ કોઈપણ જાતના દસ્તાવેજ તેમજ અન્ય પુરાવા વગર અમારા પિતાની મિલ્કતમાં બન્ને આરોપીઓએ નામ તેમજ મોબાઈલ નંબર લખેલું બોર્ડ મારેલ છે.

આમ, ઉપરોકત વિગતે અમારા પિતાની માલીકી, કબ્જા ભોગવટાના ઉપરોકત પ્લોટ નં, ૨૩માં ઉપરોકત વિગતે અન્ય ત્રણ ત્રાહિત વ્યકિતઓએ પોતાના નામ અને મોબાઈલ નંબર લખેલા બોર્ડ મારી દીધેલ હોય અને ગેરકાયદેસર રીતે કબ્જો જમાવવાનો પ્રયત્ન કરેલ હોય, અમોએ આપ સાહેબ સમક્ષ તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ લેખિત ફોજદારી ફરિયાદ રજુ કરેલ છે. પરંતુ અમારી ફરીયાદ અન્વયે આજદિન સુધી આરોપીઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી થયેલ નથી. જેથી અમારે આજરોજ ફરીથી આ લેખિત ફોજદારી ફરિયાદ આપવાની ફરજ પડેલ છે. વિશેષમાં અમો જણાવીએ છીએ કે, પ્લોટમાં અમો ફરિયાદીના નામનું પી.જી.વી.સી.એલ.નું વિજ કનેકશન ગ્રાહક નંબર ૧૭૨૭/૧૨૯૨૮૪૩૯ થી આવેલ છે. જે અંગે પી.જી.વી.સી.એલ. દ્વારા આપવામાં આવેલ લેટરની નકલ આ સાથે જોડેલ છે.

ઉપરોકત આરોપીઓએ અમારા પ્લોટના ડેલાનું તાળુ તોડી, તેમાં ગેરકાયદેસર પ્રવેશ કરીને અમારૂ વિજ મીટર ઉતારી લીધેલ છે અને પ્લોટની બહાર વીજ પોલ ઉપર લગાડી દીધેલ છે.

ઉપરોકત તમામ હકીકત ધ્યાનમાં લઈ આ કામના આરોપીઓ સામે ગુન્હો દાખલ કરી પકડી પાડી સખ્ત કાનુની કાર્યવાહી કરવા અમો ફરિયાદીની આ લેખિત ફરીયાદ છે.

આગામી અરજદારને પોલીસ દ્વારા ન્યાય મળશે કે કેમ તે જોવાનું રહ્યું અને ભુમાફીયા સામે કોઇ કાર્યવાહી થઇ શકશે કે રાજકીય છાયાની અંદર આવી જવાથી માફ કરી જવા દેવામાં આવશે તે જોવાનું રહ્યું.(૪)


અરજદાર નિખીલભાઇના પિતા હિંમતભાઇ રંગાણી સહિત સમગ્ર પરિવારે ૨૦૧૩માં સમુહમાં દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો જેમાં નિખીલભાઇ અને તેનો ભાઇ જ બચ્યા હતા તેના માતા અને પિતા હિંમતભાઇનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું અને આપઘાત પાછળ પૈસાની ભીંસ હોવાનું સામે આવ્યું હતું એ જ પરિવાર સાથે ફરી અન્યાય થતા મોતને વ્હાલું કરવાના કગારપર...

## ઓમ માનવ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્રહ્મ યુવક-યુવતી પરિચય સંમેલન સંપન્ન



**ભારતભરમાંથી ૮૦૦ જેટલા બ્રાહ્મણ ઉમેદવારો સહભાગીઃ બ્રહ્મ અગ્રણીઓ બ્રહ્મ રત્નોનું બ્રહ્મ ગૌરવ એવોર્ડથી સન્માન**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

ઓમ માનવ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભાટીયા બોર્ડીંગ ખાતે સમગ્ર બ્રાહ્મણ જ્ઞાતિ યુવક-યુવતી પરિચય સંમેલનનું હાઈટેક આયોજન કરાયું હતું. જેમાં દેશભરમાંથી અંદાજે ૮૦૦ જેટલા ઉમેદવારો સહભાગી બન્યા હતા. ભુવનેશ્વરીપીઠ ગોંડલના આચાર્ય ઘનશ્યામજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સાંસદ રામભાઈ મોકરીયા, રોલેક્ષ બેરીંગવાળા મનીષભાઈ મદેકા, બ્રહ્મસમાજના પ્રમુખ દર્શીતભાઈ જાની ટ્રસ્ટના સર્વે પ્રવિણભાઈ જોષી, પંકજભાઈ રાવલ, જે.પી. ત્રીવેદી, મધુકરભાઈ ખીરા, જનાર્દનભાઈ આચાર્ય, બાર્લેન્દુભાઈ જાની, મહેન્દ્રભાઈ ઉપાધ્યાય, ગુજરાતી બ્રહ્મ સમાજ હૈદરાબાદના પ્રમુખ તરૂણભાઈ મહેતા, હાઈકોર્ટ જસ્ટીશ અશોકભાઈ જોષી તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

લગ્નોત્સુક બ્રાહ્મણ યુવક યુવતિઓ માટે સુપાત્ર ઉમેદવારની શોધ માટે વાલીઓની ચિંતા દુર કરવા માટે પ્રતિવર્ષ યોજાતા આ પરિચય સંમેલનોની શ્રૃંખલામાં આ ૧૧માં સંમેલનની વિશિષ્ટતા એ હતી કે દિકરીઓને સ્ટેજ સંકોચ ન રહે તે માટે ઈનકેમેરા હાઈટેક પરિચય કાર્યક્રમ યોજાયો હતો તેમજ યુવતીઓને તેમાં ફી એન્ટ્રી રખાઈ હતી.

આ હાઈટેક પરિચય સંમેલનમાં સરકારી વકીલ સમિરભાઈ ખીરા તેમજ સંજયભાઈ જોષીની નિશ્રામાં ઈનકેમેરા યુવક યુવતીઓએ પોતાનો પરિચય ઓનલાઈન રજુ કર્યો હતો. જે હોલમાં બેઠેલા ઉમેદવારોના વાલીઓએ બીગ સ્ક્રીન ઉપર લાઈવ પ્રસારણ નિહાર્યુ હતું. આ તકે વિક્રમભાઈ પંચોલી, હર્ષભાઈ વ્યાસ, જયેશભાઈ આર.ભટ્ટનું સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કરાયું હતુ. જયારે કાર્યક્રમની સફળતા માટે કમલેશભાઈ જોષી, મહેન્દ્રભાઈ રાવલ, લલીતભાઈ ઉપાધ્યાય, ધર્મેશ પંડયા, નિલેશભાઈ ત્રિવેદી, પરાગભાઈ ભટ્ટ, લલીતભાઈ રાવલ, મુન્ની દવે, સુરભીબેન આચાર્ય, નિલમબેન તેમજ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ગુજરાતનાં લોકોને સસ્તી વીજળી પુરી પાડવા 'આપ'ની માંગ



**રાજકોટ કલેકટર મારફત મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૬

આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા સમગ્ર ગુજરાતમાં મોંઘી વીજળી ગુજરાત સરકાર તરફથી આપવામાં આવતી હોય અને અન્ય રાજયની જેમ ૨૦૦ યુનિટ સુધી વીજળી માફી માટે ગુજરાતના તમામ જિલ્લા મથકોએ તથા મહાનગરો દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરતુ આવેદન પત્ર આમ આદમી પાર્ટી - શહેર દ્વારા કલેકટરને પાઠવવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ટ્રેડ લીંકના અધ્યક્ષ શિવલાલ પટેલ તેમજ શહેર સંગઠન અને મોરચા તથા વોર્ડના હોદેદારો તેમજ કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. શહેર અધ્યક્ષ ચેતનભાઈ કમાણીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## વોર્ડ નં.૧૧માં નહેરૂનગર સોસા.પેવિંગ બ્લોકનું ખાતમુર્હૂત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટઃ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧૧માં નહેરૂનગર સોસાયટીમાં રસ્તાની બંને બાજુ પેવિંગ બ્લોકનું કામ જનભાગીદારીથી ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયાની તેમજ વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા અને રણજીતભાઈ સાગઠિયાની ગ્રાન્ટમાંથી મંજુર થયેલ. આ કામનું ખાતમુર્હૂત મેયર ડો.પ્રદિપ ડવ, સાંસદ સભ્ય મોહનભાઈ કુંડારીયા અને ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, ડે.મેયર દર્શિતાબેન શાહના વરદ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે જીલ્લા મહામંત્રી મનસુખભાઈ રામાણી, દંડક સુરેન્દ્રસિંહ વાળા, પ્રદેશ કિશાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટ, વિધાનસભાના ઇન્ચાર્જ રાજુભાઈ બોરીચા, કોર્પોરેટર લીલુબેન જાદવ, વોર્ડ પ્રમુખ સંજય પીપળીયા, મહામંત્રી સંજયભાઈ બોરીચા, હરસુખભાઈ માંકડીયા, શહેર કિશાન મોરચા પ્રમુખ ભરતભાઈ શિંગાળા, પૂર્વ વોર્ડ મહામંત્રી સંજય દવે, પૂજનભાઈ ઘોડાસરા, બાવનજીભાઈ કોઠીયા, જયેશભાઈ બોરીચા, ધર્મેશભાઈ સોલંકી, જેન્તીભાઈ મેઘાણી, જીતુભાઈ ધામેલીયા, સોસા.ના પ્રમુખ રસિકભાઈ બાલધા, ઉપપ્રમુખ હસુભાઈ સોરઠીયા, અજયભાઈ ગજેરા, હિતેશભાઈ ભુવા, મહેશભાઈ ડોબરીયા, ગિરીશભાઈ કથીરિયા વગેરે સોસા.ના નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.(૧.૧૫)

### પ્રદેશ કોંગ્રેસ પૂર્વ સહમંત્રી ગોપાલ અનડકટનો આજે જન્મદિવસ



રાજકોટઃ શહેર કોંગ્રેસ અગ્રણી, પ્રદેશ કોંગ્રેસ પૂર્વ સહમંત્રી તરીકે રાજકીય ફરજ નિભાવતા પ્રજાના પ્રશ્ને સતત લડતા રહેતા ગોપાલભાઈ અનડકટનો આજે જન્મદિવસ છે. તેઓ સનરાઈઝ ગ્રુપના પ્રમુખ તથા રામેશ્વર મંદિરના ટ્રસ્ટી પણ છે. તેઓ ૪૪ વર્ષ પૂર્ણ કરી ૪૫માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. ગોપાલભાઈને બહોળું મિત્રવર્તુળ તરફથી મો.નં.૯૮૨૪૨ ૯૩૯૪૦ તથા મો.નં.૮૦૦૦૦ ૦૩૦૦૩ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે. 'સૌરાષ્ટ્ર કાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

## દુષ્કર્મના ગુનામાં આરોપીની જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૬

શહેરના સંતકબીર રોડ પરથી સગીરાને ઉપાડી જઈ દુષ્કર્મ કરનાર જેલ હવાલે રહેલ આરોપીની કોર્ટે જામીન અરજી રદ કરી છે.

આ કેસની વધુ વિગત મુજબ ગત તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ સંત કબીર રોડ વિસ્તારમાંથી સગીરાને ઉપાડી જઇ દુષ્કર્મ કરનાર આરોપી અનિલ ઇશ્વરભાઇ પનારા વિરુદ્ધ થોરાળા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરેલ આરોપીએ જેલમાંથી છૂટવા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલે જામીન અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે આવા આરોપીને જામીન આપવા જોઇએ નહીં જે રજૂઆતોને ધ્યાને લઇને કોર્ટે આરોપી અનિલ ઇશ્વરભાઇ પનારાની જામીન અરજી રદ કરી છે.


એડવોકેટઃ મુકેશ પીપળીયા

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળીયા રોકાયા હતા.

### રાજકોટના પત્રકાર મનોજ ઓડેદરાનું અવસાનઃ શુક્રવારે બેસણું



રાજકોટઃ રાજકોટના પત્રકાર મનોજભાઈ વિક્રમભાઈ ઓડેદરા (ઉ.વ.૫૦)નું તા.૧૫ને બુધવારના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૧૭ને શુક્રવારે સાંજે ૪થી૬ ભવનાથ મહાદેવ મંદિર, શિવમ પાર્ક શેરી નં.૩, અમૃતા હોસ્પિટલની બાજુમાં, વૃંદાવનડેરી વાળી શેરી, રૈયા સર્કલ નજીક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

## સરસ્વતી શિશુમંદિરના વિદ્યાર્થીઓનો ધો. ૧૦-૧૨ બોર્ડ પરીક્ષામાં ડંકો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૬

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત પ્રવીણકાકા મણીઆર સંકુલ - સરસ્વતી શિશુમંદિરનાં વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિક્રમજનક પરિણામ મેળવ્યા બાદ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ ૧૦માં પણ ઐતિહાસિક પરિણામ હાંસલ કરી ઘર, પરિવાર, સંસ્થા સહિત શહેરનું સમગ્ર રાજ્યમાં નામ રોશન કર્યું છે. સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત પ્રવીણકાકા મણીઆર સંકુલ - સરસ્વતી શિશુમંદિરના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર, મેનેજીંગ ટ્રસ્ટી ડો. બળવંતભાઈ જાની, મંત્રી રમેશભાઈ ઠાકર, કોષાધ્યક્ષ અનીલભાઈ કિંગર, ટ્રસ્ટીઓ ખંતીલભાઈ મહેતા, સમીરભાઈ પંડિત, પલ્લવીબહેન દોશી, કેતનભાઈ ઠક્કરના માર્ગદર્શનમાં મારૂતિનગર, રણછોડનગર અને નવા થોરાળામાં આવેલા શૈક્ષણિક સંકુલોના વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં ડંકો વગાડ્યો છે.

તાજેતરમાં જાહેર થયેલા ધો. ૧૦ના પરિણામોમાં મારૂતિનગર, એરોડ્રામ વિસ્તારમાં આવેલા પ્રવીણકાકા મણીઆર શૈક્ષણિક સંકુલના ધો. ૧૦ના વિદ્યાર્થીઓ દાફડા કૃપાલી ૯૯.૭૮, દત્તા સોહમ ૯૮.૫૩, સુરાણી કાવ્ય ૯૮.૨૪, હિંગુ શ્રુતિ ૯૮.૨૪, જાખરીયા દિપાલી ૯૬.૭૪, જયસ્વાલ નંદિતા ૯૬.૭૪, ડાભી સુનીલ ૯૬.૭૪ પીઆર સાથે બોર્ડનાં ટોપ વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યું છે આ સાથે જ રણછોડનગર, સામાકાંઠે વિસ્તારમાં આવેલા સરસ્વતી શિશુમંદિર ધો. ૧૦ના વિદ્યાર્થીઓ વાડોલીયા ખુશી ૯૭.૨૨, માટીયા કુમકુમ ૯૭.૧૨, ચૌધરી તૃશિકા ૯૬.૫૪ પીઆર સાથે બોર્ડમાં ટોપ વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યું છે.

ધો. ૧૨ સામાન્ય પ્રવાહ - કોમર્સના પરિણામોમાં મારૂતિનગર, એરોડ્રામ વિસ્તારમાં આવેલા પ્રવીણકાકા મણીઆર શૈક્ષણિક સંકુલના ધો. ૧૨ના વિદ્યાર્થી ચાવડા અવની ૯૯.૯૬, ઝાલા જીજ્ઞાશાબા ૯૯.૭૧, ઠક્કર રોશની ૯૯.૨૯, નિમાવત વિધિ ૯૮.૧૯, ધોકિયા ઈશા ૯૫. ૬૬ પીઆર સાથે બોર્ડનાં ટોપ વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યું છે આ સાથે જ રણછોડનગર, સામાકાંઠે વિસ્તારમાં આવેલા સરસ્વતી શિશુમંદિર ધો.૧૨ના વિદ્યાર્થીઓ સાઈપરીયા



નંદની ૯૯.૮૫, ચૌધરી તારીકા ૯૯.૭૬, ઈશા દોમડીયા ૯૭.૧૬ પીઆર સાથે બોર્ડમાં ટોપ વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યું છે.

સૌરાષ્ટ્ર ક્રાંતિ

Dt.16-06-2022

## તંત્રી સ્થાનેથી...

### વાઘનો વધતો શિકાર

એશિયાઈ સિંહ પરની વિવિધ આપત્તિઓ પછી એકાએક હવે વાઘ પર જરા જુદી રીતે પરંતુ જીવલેણ સંકટના વાદળો ઘેરાયા છે. આપણે ત્યાં છેલ્લા કેટલાક સમયથી સરકાર ગેરીલ્લા પદ્ધતિથી કામ કરે છે, એટલે કે જે પ્રશ્ન ઊભો થાય એમાં ધ્યાન આપવાનું અને બાકીના બધા કામ પડયા રહેવા દેવાના. એને કારણે આજે સ્થિતિ એ આવી છે કે દેશના અનેક ક્ષેત્રોમાં સ્થિતિ જૈસે થે જેવી સ્થગિત થઈ ગઈ છે અને તેમાંના અર્ધાધિક ક્ષેત્રોમાં પતનની નોબત વાગી રહી છે. ગીરના જંગલમાં હજુ પણ સમયાંતરે સિંહ-સિંહણના મૃતદેહો ગ્રામજનોની નજરે ચડતા રહે છે. રાજ્ય સરકારે સમગ્ર ગીરના જંગલનું ઇકોલોજિકલ બેલેન્સ તપાસવું જોઈએ પણ એ કામ કોણ કરે ? જ્યાં સુધી રિસર્ચ અભિગમથી સંયોગોનું મૂલ્યાંકન કરવામાં ન આવે ત્યાં સુધી સમસ્યાનું મૂળ કારણ જંગલ ખાતાના કે સરકારના હાથમાં આવવાનું નથી. ગીરના સિંહના ચાહકો તો આપણે ત્યાં ઘેરઘેર છે, પરંતુ સિંહના પ્રશ્નોમાં ઊંડા ઉતરીને એના કારણો અને તારણો રજૂ કરનાર હવે કોઈ નથી. હમણાંથી વારંવાર વાઘના અપમૃત્યુની ઘટનાઓ પણ સર્જાવા લાગી છે. કેટલાક ખતરનાક શોખીનો હજુય ગુપ્ત રીતે સાહસ કરીને વાઘનો શિકાર કરી રહયા છે અને ક્યાંક તો વાઘ પણ વિવિધ દુર્ઘટનાનો ભોગ બનીને મોતને ઘાટ ઉતરી રહ્યા છે. ઓરિસ્સાના જાણીતા સતકોસિયા અભયારણ્યમાં મહાવીર નામનો એક વાઘ મૃતઃપ્રાય સ્થિતિમાં મળી આવ્યો. મહત્ત્વની વાત એ છે કે આ વાઘને પ્રાયોગિક તબક્કામાં ઓરિસ્સાના જંગલમાં લાવવામાં આવ્યો હતો. આ વાઘનું વતન મધ્યપ્રદેશ હતું.

મધ્યપ્રદેશમાં વાઘ પ્રત્યે લોકોને સહાનુભૂતિ અલ્પ અને ભય અધિક છે. કારણ કે સિંહમાં જે શાલીનતા છે તે વાઘમાં નથી. વાઘ અત્યંત ચપળ, ચાલાક અને હુમલાખોર હોય છે. શિકાર કરી લીધા પછી પણ અકારણ વાઘ શિકાર કરતો જ રહે છે. જ્યારે સિંહ ભૂખ્યો ન હોય તો શિકાર કરતો નથી. મધ્યપ્રદેશથી ઓરિસ્સા લાવવામાં આવેલા વાઘના અચાનક રહસ્યમય મોતથી વાઘના આંતરરાજ્ય સ્થાનાંતરણના કેન્દ્ર સરકારના પ્રયોગને ઝટકો લાગ્યો છે. હજુ સુધી ઓરિસ્સાના આ વાઘના મોતનું રહસ્ય ઉકેલાયું નથી.

### અંજારના યુવકના શંકાસ્પદ મોતનો ભેદ ઉકેલાયોઃ ક્રાઇમબ્રાન્ચના પીઆઇ વાય.બી.જાડેજા અને ટીમે બંનેને પકડી લીધા

# ભાભીના ઘરે આવેલા દેવરાજને શૈલેષે મશ્કરીમાં છરી ઝીંકતા મોત નિપજ્યું હતું

### લોહીવાળા કપડાં બદલી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યોઃ આજીડેમ પોલીસે મનુષ્ય વધ અંગેની કલમ હેઠળ કાર્યવાહી કરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧૬

કચ્છના અંજારમાં રેલવે સ્ટેશન પાછળના નવાનગરમાં રહેતો દેવરાજ કિશોરભાઇ પરમાર (ઉ.વ.૨૬) સોમવારે ખોખડદળ રહેતી તેની વિધવા ભાભી જ્યોત્સના અજય પરમારના ઘરે આવ્યો હતો. મંગળવારે બપોરે બે વાગ્યાના આસપાસ દેવરાજને તેની ભાભી જયોત્સનાએ સિવિલ હોસ્પિટલમાં ઘવાયેલી હાલતમાં દાખલ કર્યો હતો.

દેવરાજના સાથળમાં છરીનો ઘા ઝીંકાયો હતો તેઓને લોહી વહી જવાથી તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.આ બનાવમાં પોલીસે તપાસ કરતા મજાક મજાકમાં તેની ભાભી અને ભાભીના ભાઈએ છરીનો ઘા ઝીંકતા તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવમાં આજીડેમ પોલીસમાં મનુષ્યવધનો ગુન્હો નોંધવામાં આવતા બંનેને સકંજામાં લઈ પૂછપરછ આદરી છે. મૂળ રાજકોટના ખોખડદડના અને હાલ સુરતના વાપીમાં રહેતા ચિરાગભાઇ કિશોરભાઇ પરમાર (ઉ.વ.૨૨)એ ફરિયાદમાં શૈલેશભાઈ શાતુંભાઈ સોલંકી અને જોશનાબેન અજયભાઈ પરમારનું નામ આપતા કલમ ૩૦૪,૨૦૧ અને ૧૧૪ હેઠળ કાર્યવાહી કરી બંને આરોપીને ઝડપી કાર્યવાહી કરી હતી. ચિરાગભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પત્ની તથા બાળકો સાથે રહું છું અને અમે ત્રણ ભાઇ તથા ત્રણ બહેનો છે.જેમા મારા મોટાભાઇ દેવરાજભાઇ કીશોરભાઇ પરમાર જે મારી માતા મંજુબેન તથા મારા બહેન ચંદાબેન અનીલભાઇ સાથે રહે છે.

ગત તા.૧૪/૬ના સાંજના મને મારા મોટા બાપુ શંભુભાઈના દીકરાની વહુ જોષનાબેન અજયભાઇ પરમારનો ફોન આવેલ અને વાત કરેલ કે દેવરાજ બે દિવસથી મારા ઘરે આવેલ છે અને બપોરના બે વાગ્યા વખતે દેવરાજને સાથળના ભાગે કાચ લાગી ગયેલ છે તું અહી રાજકોટ આવ તેમ વાત કરતા હુ આજરોજ સવારના રાજકોટ સિવિલ હોસ્પિટલ આવેલ ત્યાં મને મારા



દેવરાજભાઇના સાળા સતીષભાઇ મળતા તેણે મને વાત કરેલ કે ગઇકાલ બપોર બે વાગ્યા વખતે પોતે તથા જોશનાબેન તથા શેલેષભાઇ શાંતુભાઇ સોલંકી તથા શોભનાબેન તથા દેવરાજભાઇ જોષનાબેન ના ઘરે હતા તેવામા શેલેષભાઇ અને દેવરાજભાઇ બન્ને એકબીજાની મશ્કરી કરતા હતા.

તેવામાં શૈલેષભાઈએ છરી કાઢેલ અને દેવરાજભાઈને કહેલ કે આ છરી જોય છે અડી જતા વારનો લાગે તેમ કહી મશ્કરી મા મશ્કરીમાં શેલેષભાઇના હાથે દેવરાજના જમણા પગના સાથળના પાછળના ભાગે છરી અડી ગઈ હતી.

બાદમાં દેવરાજને લોહી નીકળવા લાગેલ જેથી હું તથા જોષનાબેન આ દેવરાજને લોહી બંધ કરવા માટે ઘા લાગેલ તે જગ્યાએ ચૂંદડીનો પાટો બાંધેલ અને જોશનાબેનએ કોઇ રીક્ષાવાળાને ફોન કરી બોલાવેલ અને રીક્ષા વાળો આવે તે પહેલા જોશનાબેને આ દેવરાજભાઇનું લોહી જમીનપર પડેલ તે સાફ કરી નાખેલ અને દેવરાજભાઇના કપડા જે લોહીવાળા હતા તે કાઢી બીજા પહેરાવેલ અને છરી સંતાડી દીધેલ અને રીક્ષાવાળા ભાઇ આવી જતા પોતે તથા જોશનાબેન તથા શેલેષભાઇ શાન્તુભાઇ સોલંકી આ દેવરાજભાઇને રીક્ષામાં બેસાડી સિવિલ હોસ્પિટલ લઇ ગયેલ જયા ડોકટરે દેવરાજભાઇની ઇજા બાબતે પુછતા જોષનાબેને ડોકટરને જણાવેલ કે આ દેવરાજ ને કોઇ ધારદાર હથીયાર વડે ઇજા થઈ છે. બાદમાં દેવરાજભાઇને જોઇ તપાસી મૃતજાહેર કરેલ એ રીતે શેલેષભાઇ શાંતુભાઇ સોલંકીએ પોતે જાણતો હોવા છતાં છરી જેવા તીક્ષ્ણ હથિયારથી મશ્કરી કરતા કરતા કોઇ પણ ગંભીર કે પ્રાણઘાતક ઇજા થી મૃત્યુ થવાની શકયતા હોય તેમ છતાં મશ્કરી કરવાનું ચાલુ રાખી મૃત્યુ નિપજવ્યું હતું. આ અંગે આજીડેમ પોલીસે ગુન્હો નોંધ્યો હતો.

આ બનાવમાં ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ વાય.બી.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ કામડિયા,વિજયભાઈ મેતા અને રોહિતભાઈ કછોટ સહિતના સ્ટાફે કાર્યવાહી કરી બન્ને આરોપીને પકડી કાર્યવાહી કરી હતી.

# શાપરમાં મહિલા સંચાલિત જુગાર કલબ ઝડપાઈઃ ૭ શખ્સો ઝબ્બે

રાજકોટઃ શાપરમાં મહિલા સંચાલીત જુગાર કલબમાં પોલીસે દરોડો પાડી રાજકોટની જામનગર અને દ્વારકાથી રમવા આવેલા પાંચ શખ્સો સહિત છ શખ્સોને રોકડ, મોબાઈલ અને કાર મળી ૬.૪૬ લાખના મુદ્દામાલ સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત અનુસાર શાપર પોલીસ મથકના પીએસઆઈ કે.એ. ગોહિલ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા. ત્યારે સાથેના એએસઆઈ પી.આર. બલાસરા અને કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજાને મળેલ ચોક્કસ બાતમીના આધારે શાપરની શાંતિધામ સોસાયટી શેરી નં. ૩માં બ્લોક નં. ૨૧માં રહેતા રજનીબા નટુભા પરમાર (ઉ.૫૫)એ પોતાના મકાનમાં બંધ બારણે ચાલતા જુગારમાં દરોડો પાડી જુગાર રમતા રજનીબા નટુભા પરમાર (ઉ.૫૫, રહે. વેરાવળ શાંતિધામ સોસા. ગેટ નં. ૧ શેરી નં. ૩ બ્લોક નં. ૨૧), નયનાબેન રાજેશ બાંભણીયા (ઉ.૪૨, રહે. જામનગર પટેલ પાર્ક શેરી નં. ૬), રીનુબા નરેન્દ્રસિંહ જાડેજા (ઉ.૫૨, રહે. જામનગર મચ્છરનગર) દિલીપ ગોગન દેથરીયા (ઉ.૩૦, રહે. હસ્થલ, ખંભાળીયા), મહેશ વરવા સબાડ (ઉ.વ.૩૮ રહે. બાપા સીતારામ ચોક, મવડી પ્લોટ, રાજકોટ) અને ધના અજા લાંબરીયા (ઉ.૩૦, રહે. હસ્થલ ગામ તા. ખંભાળીયા)ને રોકડા રૂ. ૧.૭૬ લાખ, મોબાઈલ ફોન-૩ રૂ. ૭૦ હજાર અને કાર રૂા. ૪ લાખ મળી કુલ રૂ. ૬.૪૬ લાખના મુદ્દામાલ સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

**જામનગરથી મહિલાઓ જુગાર રમવા પહોંચી હતી**

## રાજકોટ ક્રાઈમ

### દારૂની ૨૪ બોટલ સાથે એક ઝડપાયો

રાજકોટઃ કાલાવડ રોડ પર સયાજી હોટલ પાસે તાલુકા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી એકસેસ મોટર સાયકલમાંથી દારૂની છ બોટલ સાથે એક શખ્સને પકડી લીધો હતો. મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર આવેલી સયાજી હોટલ પાસે એક શખ્સ એકસેસમાં દારૂના જથ્થા સાથે નિકળ્યો હોવાની બાતમીના આધારે ડીસીપી ઝોન-૨ની એલસીબીના પીએસઆઇ એ.એલ.બારસીયા તથા કોન્સ. જેન્તીગીરી ગોસ્વામી સહીતે કાલાવડ રોડ પર સયાજી હોટલ પાસેથી જીજે ૩ કેકયુ ૧૩૨ નંબરના એકસેસ મોટર સાયકલમાંથી રૂા.૧૨૦૦૦ની કિંમતની દારૂની ૨૪ બોટલ સાથે હિતેષ ઉર્ફે કાનો ચંદુલાલભાઇ નડીયાપરા (ઉ.વ.૨૯) (રહે.રેલનગર શેફરોન એલીગન્સ એપાર્ટમેન્ટ બી-૨૦૨)ને પકડી લીધો હતો. જયારે બીજા દરોડામાં યુનિવર્સિટી રોડ પર એફએસએલ કચેરીની પાછળ માધવ પાર્ક શેરી નં. ૧ માંયુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ. બી.જે.ખેર તથા કોન્સ. ભુપેન્દ્રસિંહ વાઘેલા સહીતે દરોડો પાડી રૂા.૨૪૦૦ની કિંમતની દારૂની છ બોટલ સાથે વિજય હેમરાજભાઇ ગોહેલ (ઉ.વ.૩૪) (રહે. માધવ પાર્ક શેરી નં. ૧)ને પકડી લીધો હતો.

### દારૂ પી કારમાં નીકળેલા ત્રણ ઝબ્બે

ભાવનગર હાઇ-વે પર કાળીપાટ ગામ નજીક નવા રીંગ રોડ પાસેથી મોડી રાતે આજીડેમ પોલીસે રાજકોટના ત્રણ શખ્સોને દારૂ પી વાહનમાં નીકળતાં પકડી લીધા હતાં. પોલીસે જીજે૦૩એમઇ-૭૦૮૭ નંબરની ટાટા પંચ ગાડી શંકાસ્પદ રીતે નીકળતાં અટકાવીને તલાશી લેતાં તેમાં બેઠેલા ત્રણ શખ્સો અક્ષય શૈલેષભાઇ કલોલીયા (ઉ.૨૬-રહે. આનંદનગર માલધારી શેરી, દેવપરા પાસે કોઠારીયા રોડ), રાજન ગુણવંતભાઇ ગોસ્વામી (ઉ.૪૮-રહે. રામકૃષ્ણનગર-૫ વિરાણી હાઇસ્કૂલ પાછળ) તથા પરેશ પ્રવિણભાઇ ગાસોરા (ઉ.૩૭-રહે. ખોડિયાર સોસાયટી-૩, નંદા હોલ પાછળ કોઠારીયા રોડ) દારૂ પીધેલી હાલતમાં હોઇ ત્રણેય સામે ગુનો નોંધી ધરપકડ કરી ચાર લાખની ગાડી કબ્જે લીધી હતી.

# લગ્નના પાંચમાં દિવસથી કરિયાવર માંગી પરિણીતાને ત્રાસ

### સાસુ-પતિએ પાઈપથી મહિલાને માર માર્યો : બે પરિણીતાને ત્રાસ આપતા સાસરીયા સામે ફરિયાદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૬

શહેરના ગાયકવાડી કિટીપરામાં રહેતા પુજાબેન અક્ષયભાઈ ભોણીયાએ પતિ અક્ષય મુકેશ ભોણીયા અને દાદીજી સાસુ ધનીબેન કનુભાઈ ભોણીયા સામે મહિલા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના લગ્ન બાદ પોતે દાદીજી સાસુ અને પતિ સાથે જ રહેતી મારો દીકરો ટમેટાથી રમતો હોય દાદીજી સાસુએ ટમેટું લઇ લે બગડી જશે કહી ગાળો દેતા પતિને કહેતા બંનેએ ઝપાઝપી કરી પતિએ પ્લાસ્ટીકના પાઈપથી માર મારતા હોસ્પિટલમાં દાખલ થઈ હતી લગ્ન બાદ પણ ત્રાસઆપતા હોવાનો આક્ષેપ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. જયારે સિંધી કોલોની કવાટરમાં રહેતા રૂશીકાબેન ભાટિયાએ અમદાવાદ રહેતા પતિ વિજયરામ ખુશીરામ ભાટિયા, સાસુ વર્ષાબેન, સસરા ખુશીરામ મોહનલાલ ભાટિયા, નણંદ ઈશિતાબેન સચદેવ અને ન ણદોયા દિનેશભાઈ સચદેવએ લગ્નના પાંચમાં દિવસથી જ ઘરકામ જેવી નજીવી



બાબતે ઝઘડા કરી મેણાટોણા મારી વધુ કરિયાવર માંગી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હોવાનું જણાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વિધવા સહાયના નામે વૃધ્ધાઓના દાગીના ઠગાઈથી લઈ લેતી મહિલાની ધરપકડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

શહેરના બેડીનાકામાં રહેતા લીલાવંતીબેન સુરાણી નામના વૃધ્ધા ગત ૯ તારીખે મંદિરે જતા હતા ત્યારે એક મહિલાએ બોલાવી તમને મળતી વિધવા સહાયમાં વધારો કરી ૭ હજાર અપાવી દઈશ તેમ કહી સિવિલ હોસ્પિટલે લઇ જઈ દાગીના કાઢી નાખો ફોટોવાળા બહેન જોઈ જશે તો વધુ સહાય નહિ આપે તેમ જણાવી દોઢ લાખની બે બંગડી છેતરપીંડીથી મેળવી લઇ નાશી ગયાની ફરિયાદ નોંધાતા ક્રાઈમ બ્રાન્ચે આ ગુનાને અંજામ આપનાર આણંદની શાતીર મહિલાને ઝડપી લઇ તમામ મુદામાલ કબજે કર્યો છે.એ ડીવીઝન પોલીસમાં આ ફરિયાદ નોંધાતા ક્રાઈમ બ્રાંચ પીઆઈ વાય બી જાડેજા અને ટીમે તપાસ આરંભી હતી દરમ્યાન આ પ્રકારની મોડસ ઓપરેન્ડી ધરાવતી મહિલાએ અગાઉ રાજ્યભરમાં અનેક ગુનાઓને અંજામ આપ્યો હોય તે અંગે પીઆઈ જાડેજા વાકેફ હોય સીસીટીવી આધારે આણંદના ઉમરેઠ ગામના ઠાકોરવાસમાં રહેતી સાઈદાબીબી ઉર્ફે શાહિદાબાનું ઉર્ફે સલમા ફિરોઝખાન પઠાણ ઉ .૩૬ ને ઝડપી લઇ તેની પાસેથી દાગીના કબજે કર્યા હતા આ મહિલા ભીડભાડવાળા સ્થળોએ એકલા હોય અને દાગીના પહેર્યા હોય તેવા મોટી ઉંમરના મહિલાઓને ટાર્ગેટ કરી પેન્શનમાં વધારો કરવાના બહાને વિશ્વાસ કેળવી દાગીના કઢાવી નાશી જતી હોવાની એમઓ ધરાવે છે . શાતીર દિમાગ ધરાવતી આ મહિલાએ ૨૦૧૪ થી અત્યાર સુધીમાં આ મોડસ ઓપરેન્ડીથી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં જઈ બે ડઝન ગુનાઓને અંજામ આપ્યા છે અને બે વખત પાસા તળે જેલયાત્રા પણ કરી ચુકી છે

### મહિલા આરોપીએ બે ડઝન ગુનાઓને અંજામ આપ્યા છે અને બે વખત પાસા તળે જેલયાત્રા પણ કરી ચુકી છે


રાજકોટમાં સપ્તાહ પૂર્વે ગુનાને અંજામ આપ્યાના એક માસ પહેલા મહેસાણામાં પણ એક મહિલાના દાગીના લઇ લીધા હોવાની કબુલાત આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે .



### રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભાઃ રસ્તાઓ, સિંચાઇ, ગ્રાન્ટના કામો સહિતની ચર્ચાઓ કરાઇ

# રાણિંગપરથી રણજીતગઢ સુધી ડામરના પ્રશ્નમાં અધિકારીઓએ કહ્યું 'જોવડાવી લેશું'!





### કોંગ્રેસના સભ્ય મનસુખ સાકરીયાને અધિકારીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્રનું જ્ઞાન આપ્યું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૬

આજે રાજકોટ જિલ્લા પંચાયતની ૧૪મીએ કારોબારી મળ્યા બાદ આજે સામાન્ય સભા મળી હતી. જેમાં વિપક્ષ દ્વારા જંગલ કટિંગ, બાંધકામના કામો અને ગ્રાન્ટ, સિંચાઇ, આરોગ્ય કેન્દ્ર, સ્કુલના ઓરડાઓ સહિત કુલ ૧૮ પ્રશ્નો સહિત કુલ ૧૨ મુખ્ય મુદ્દાઓ ઉપર ચર્ચાઓ કરાઇ હતી. સામાન્ય સભામા વિપક્ષે પુછેલા ૧૮ પ્રશ્નોના જેતે અધિકારીઓએ જવાબ આપ્યા હતા. જેમાં જિ.પં. સદસ્ય મનસુખભાઇ સાકરીયાએ જસદણ તાલુકાના રાજાવડલા જસ ગામે અલગ ગ્રામપંચાયની માંગણી કરી હતી, ઉપરાંત દહિંસરા, કુંદણી કનેસરા ત્રણ ગામને જોડતો રસ્તો, નવા મંજુર થયેલા રોડ રસ્તાની વિગતો માંગવામાં આવી હતી. અને રાણિંગપરથી રણજીતગઢમાં નવો ડામર રોડ બનાવવાનું કામ છેલ્લા બે મહિનાથી બંધ છે તેનુ કારણ માંગતા જે તે જવાબદાર અધિકારીએ જવાબ આપતા જણાવ્યું હતુ કે કામ ચાલુ જ છે અને આગામી સમયમાં કામ પુરૂ પણ કરી દેવાશે તેવો જવાબ આપતા મનસુખ સાકરીયાએ અધિકારીને ભાર પુર્વક જણાવ્યું હતું કે રેવા દો સાહેબ આજે સવારે જ હું રસ્તાનું કામ જોઇને આવ્યું છુ બધુ બંધ હાલતમાં છે તે તમે સ્વીકારો છે કે કામ ચાલુ જ છે તો અધિકારીએ તરત જ ફેરવીને કહ્યું હતું કે જોવડાવી લઇએ છીએ. ઉપરાંત મનસુખ સાકરીયાએ એક એવો પ્રશ્ન પુછ્યો હતો કે જસદણ તાલુકામાં હાલમાં કેટલા પ્રાથમીક આરોગ્ય કેન્દ્રનું કામ ચાલુ છે. તેનો જવાબ અધિકારીએ આપ્યો હતો કે એક પણ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રનું કામ ચાલુ છે જ નહીં તો મનસુખભાઇએ કિધુ કે તમારી વાત ખોટી છે મારા જ ગામમાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર બને છે તો તમે કે ના પાડો છો તો અધિકારીએ મનસુખભાઇને કીધુ કે મનસુખભાઇ તમારા ગામમાં બને છે તે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર નથી પેટા આરોગ્ય કેન્દ્ર છે બંન્ને માં ફરક હોય છે તેમ સમજાવી જ્ઞાન પણ આપ્યું હતું.

### સામાન્ય સભામાં એક જ મુદાનો વારેઘડીયે ગણગણાટ, સિંચાઇનો સ્ટાફ ઘટે છે અંતે પ્રમુખે પણ સ્વીકાર્યું કે હા સરકારમાં રજુઆત કરી છે

ઉપરાંત સમગ્ર સભામાં અનેક વખત સિંચાઇનો પ્રશ્ન આવતાની સાથે એક જ ચર્ચાઓ થવા લાગી હતી કે સ્ટાફની અછત છે છેવટે પ્રમુખે પણ સ્વીકાર્યુ કે હા સ્ટાફની અછત છે ને અમે સરકારમાં પણ દરખાસ્ત કરેલી જ છે. સભામાં વિપક્ષી નેતા અર્જુન ખાટરીયાએ પ્રશ્ન પુછ્યો હતો કે રાજકોટ જિલ્લા પંચાયત હેઠળ આવતી શાળાઓમાં કેટલા નવા સ્કુલ રૂમ બનાવવાની જરૂર છે. તેનો જવાબ આપતા અધિકારીએ જણાવ્યું હતું કે ,જિલ્લાના ૧૧ તાલુકાની ૧૦૧ શાળામાં ૩૬૬ કલાસરૂમની જરૂર ઉભી થઇ છે. ઉપલેટામાં જ ૧૦૬ ઓરડાઓની જરૂર છે જેમાંથી ૧૭૫ મંજુર કરી દેવામાં આવ્યા છે. અર્જુન ખાટરીયાએ ઓરડા ન બનતા અધિકારીઓને ગંભીરતા દાવી વહેલી તકે કામ કરવા અનુરોધ પણ કર્યો હતો. આ ઉપરાંત સિંચાઇના પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા.

અર્જુન ખાટરીયાએ પોતાના વિસ્તારમાં સ્વભંડોળ ગ્રાન્ટમાંથી કામો સુચવયા હતા તેમાંથી કેટલા પુરા થયા તેની વિગતો માંગતા જણાવ્યું હતું કે ૯ કામો પુર્ણ થયેલ છે અને ૨ કામો બાકી છે તો અર્જુનભાઇએ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષથી કામો સુચવેલ હોવા છતા આજ સુધી કેમ કામગીરી ન કરાઇ શું જીલ્લા પંચાયત કોંગ્રેસના સભ્યને ટાર્ગેટ કરી કામ નથી કરવામાં આવતા તેવો આક્ષેપ પણ કર્યો હતો.

સામાન્ય સભામાં સર્વાનુમતે તમામ મુદ્દાઓ પાસ કરાયા હતા અને બે અરજન્ટ ઠરાવ પણ મંજુર કરાયા હતા જેમાં અધિકારીઓને મળતી સત્તાઓનો પરિપત્ર તેમજ ભરત બોઘરા દ્વારા આટકોટમાં બનાવેલ કે.ડી.હોસ્પિટલથી રાજકોટ જીલ્લાને મોટો ફાયરો થયો છે તો તેની આભારવિધીનીનો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.(૪)

### રાજકોટ જિલ્લાની ૧૦૧ સરકારી શાળાઓમાં ૩૬૬ ઓરડાઓની ઘટ, એકલા ઉપલેટામાં જ ૧૦૨ સ્કુલરૂમની જરૂર

## નોલેજ વિના ગોટા ન મારોઃ ભાજપના સભ્યોને અર્જુન ખાટરીયાનો ટોણો

રાજકોટઃ આજની સામાન્ય સભામાં સ્વભંડોળ ગ્રાન્ટના કામો અંગે ચકમક ઝરી હતી. અર્જુન ખાટરીયાએ પ્રશ્ન કર્યો હતો છેલ્લા સ્વભંડોળમાંથી સુચવેલા કામો માંથી કેટલા કામો કરવામાં આવ્યા છે તેના જવાબમાં અધિકારીએ જણાવ્યું હતું કે ૯ કામો થયા છે અને ૨ કામો બાકી છે તો અર્જુન ખાટરીયાએ સમયસર કામો કેમ નથી કરવામાં આવતા શુ અન્ય સભ્યોના કામો પણ અટકી ગયા છે?? તો ભાજપના સભ્યો દ્વારા કહેવાયું કે અર્જુનભાઇ સ્થળ મુલાકાત કરી વિસ્તારમાં ફરો તો કામ થઇ શકે અમે વિસ્તારમાં ફરીએ છીએ ને ન કામ થાય તો અધિકારીને રજુઆત કરીએ છીએ તો અર્જન ખાટરીયાએ ટોણો મારતા જણાવ્યું કે નોલેજ વિના ગોટા નો મારો ને કેટલાય ભાજપના સભ્યોના કામો બાકી જ છે. કહી વળતો જવાબ આપ્યો હતો.

## મ્યુનિ. કોર્પોરેશનની પ્રિ-મોન્સુન કામગીરીનો વધુ એક સ્થળે ફિયાસ્કો

# મવડીની વગડ ચોકડીએ પાણી ભરાતા ૩ કલાક વાહનચાલકો ફસાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

રાજકોટમાં ત્રણ દિવસ મેઘરાજા મન મૂકીને વરસ્યા ત્યારે ઘણી જગ્યાએ લોકો પાણીમાં ફસાયા હતા. રાજકોટ કોર્પોરેશનની ઘણી જગ્યાએ પોલ છતી થઇ અને લોકોને ભયંકર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પ્રિ-મોન્સુનની કામગીરી માત્ર કાગળ પર જ રહી અને વરસાદના પાણીનો યોગ્ય નિકાલના હોવાથી અનેક વિસ્તારોમાં પાણીમાં વાહનચાલકો ફસાયા હતા. જેમાં મવડી ગામ પાસે વગળ ચોકડીએ પાણીનો યોગ્ય નિકાલના હોવાથી રસ્તા નદીમાં ફેરવાઈ જમાં ત્રણ વધુ કલાક સુધી લોકો પાણીમાં ફસાયા હતા. રાવકીના ઉદ્યોગકારો અને આસપાસના ખેડૂતો જ્યાં સુધી પાણી ઓશર્યા નહિ ત્યાં સુધી પેલી પારના નીકળી રીતસરની રાજકોટ કોર્પોરેશનની કામગીરીમાં ક્યાંય ત્રુટી સર્જાય હોઈ અથવા તો કામ માત્ર કાગળ પર રહ્યું હોઈ તેમ દેખાયું હતું. થોડા સમય પહેલા જ વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ યોગ્ય મેનેજમેન્ટ અને પાણીના યોગ્ય નિકાલની ચોક્કસ વ્યવસ્થાના કરી શકવાથી આ ભયંકર પરિસ્થિતિનો સામનો આસપાસના રહીશો અને ઉદ્યોગકારોને કરવો પડ્યો હતો.

આ વિસ્તારમાં મેલડી માં ના મંદિર પાછળ અને કણકોટ પાણીના ટાંકાની સામે હોકરી માર્ગ ખુલ્લા કરી ટ્રાફિક નિયંત્રણ કરવાની વાત અધ્ધર તાલે રહી છે. અત્રે ઉમેરવું જરૂરી છે આ વિસ્તાર રાજકોટના મેયર પ્રદીપ ડવનો વિસ્તાર હોવા છતાં તેઓ પણ જાણે આંખ આડા હાથ કરી સમગ્ર તમાશો જોઈ રહ્યા હોઈ એમ ચુપ બેસી કાર્ય કરતા હોઈ તેમ લાગી રહ્યું છે. સાથે આ જ વિસ્તારમાં નવા બનેલ બાપા સીતારામ ચોકથી ગુરૂકુળ સુધીના સિમેન્ટ રસ્તામાં પણ ભ્રષ્ટાચારે દેખાડી દીધો હોઈ તેમ ત્યાં પણ ઠેર ઠેર ખાડા પડી ગયા છે. મવડી ચોકડીથી બાપા સીતારામ ચોક સુધી ઠેર ઠેર લારી ગલ્લાના જમાવડા અને મસ મોટા મંડપો જોઈ વન વોર્ડના અભિયાન અને સ્માર્ટ રાજકોટ માત્ર કાગળ પર રહ્યું છે. તેવા સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યા છે.

**સામાન્ય વરસાદ વરસવા છતાં પાણીનો નિકાલ નહીં થતાં ભયંકર સ્થિતિ ઉદ્દભવી**

### મવડી કણકોટ રોડ સામે તાત્કાલિક ડામર કરવો જરૂરી

મવડી કણકોટ રોડ પાસે નવા બની રહેલ પાણીના ટાંકાની સામેનો હોકરી માર્ગ અંત્યત ભયજનક પરિસ્થિતિમાં હોઈ ત્યાં હોકરીમાં પાણીનો વ્યાપ વધુ હોઈ તાત્કાલિક ૮૦ ફૂટનો રોડ કરીને ટીલારા ચોકડી સુધી જો અડાડવામાં આવે તો આસપાસના લોકોને મુશ્કેલીનો સામનો કરવો જ પડે નહીં. આ જ વિસ્તારમાં સરદાર રેસ્ટોરન્ટ પાસેથી નીકળતો માર્ગ તાત્કાલિક ડામર કરવામાં આવે અને નવા ૧૫૦ ફૂટ રીંગ રોડને અડાડવામાં આવે તો આસપાસના લોકોને રાહત થશે. આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા પણ રહે છે. ટીલારા ચોકડીથી વગળ ચોકડી અને નવા ૧૫૦ ફૂટ રોડ બે જ રોડ હોઈ ટ્રાફિકમાં લોકોને ૨ થી ૪ કલાક સુધી ફસાવું પડે છે. સાથે આસપાસના ૩૨ થી વધુ ગામોને જોડતો આ મુખ્ય માર્ગ હોઈ આ રોડ પર રાત્રીના સમયે કોઈ અનિચ્છનીય બનાવના બને તે માટે ટીલારા ચોકડીથી વગડ ચોકડી અને નવા ૧૫૦ ફૂટ રોડ પર આ બંને રોડ પર સ્ટ્રીટ લાઈટ નખાઈ તે પણ અંત્યત જરૂરી બન્યું છે. આ મવડી પાળ રોડને ડબલ રોડ કરવાની પણ તાતી જરૂરિયાત ઉભી થઇ છે. ગ્રામ્ય ધારસભ્ય લાખાભાઈ અને રાજકોટ કોર્પોરેશન અને કમિશનર સોટ તથા રૂડા અને કલેકટર સંયુકત ધ્યાન આપે તો જ આ પરિસ્થિતિમાંથી લોકોને બચાવી શકાય તેમ છે. તેવી પણ લોકમાંગ ઉઠી છે.

**મેયર પ્રદીપભાઈ ડવના જ મવડી વિસ્તારમાં ટ્રાફિક, રસ્તા, દબાણો સહિતના અઢળક સમસ્યાથી લોકો ત્રસ્ત**

### રાજકોટ સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા

## ત્રિ-દિવસીય જુનિયર નેશનલ ચેમ્પિયનશીપનું આયોજન

**૪૫૦ થી વધારે સ્પર્ધકો ભાગ લઇ જુદી જુદી ચાર સ્વિમિંગની સ્ટાઈલમાં સ્પર્ધકો કોવત દેખાડશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

રાજકોટના આગણે સ્વિમિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા ની ૩૮ મી સબ જુનિયર નેશનલ ચેમ્પિયનશીપ ૨૦૨૨ નું આગામી તા. ૨૪/૬ થી ૨૬/૬ સુધી ૩ દિવસ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનનો મુખ્ય શ્રેય રાજકોટ ડિસ્ટ્રીક સ્વિમિંગ એસોસિએશનને ફાળવવામાં આવે છે.

આ સ્પર્ધાના ચેરમને તરીકે રાજકોટના અગ્રણી ઉદ્યોગપતિ અને સાપર વેરાવળ ઇન્ડ.એસોસિએશનના ચેરમન અને શ્રી ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી રમેશભાઈ ટીલારા અને કો.ચેરમેન તરીકે ફાલ્કન ગ્રુપના ડાયરેકટર મલનયન સોજીત્રાની વરણી કરવામાં આવેલ છે. આ સ્વિમિંગ સ્પર્ધાની સફળ આયોજન માટે ફીના ના વાઈસ પ્રેસિડેન્ટ વિરેન્દ્રભાઈ નાણાંવટી, સ્વિમિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયાના સેક્રેટરી મોનલભાઈ ચોકસી ઇન્ટરનેશનલ વોટરપોલો રેફરી અને પૂર્વ સેક્રેટરી કમલેશભાઈ નાણાવટી, જીનીયસ એજ્યુકેશન ગ્રુપના ડાયરેકટર ડી.વી.મહેતાના માર્ગદર્શન હેઠળ એસોસિએશનના ઉપપ્રમુખ પ્રકાશ કલોલા અને ખજાનચી દિનેશ હાપાણી,નીરજભાઈ દોશી,જયશ્રીબેન ભગવતીબેન જોષી, શીતાલબેન હાપાણી, સાગર કક્કડ, મયુરસિંહ જાડેજા, યશ વાકાણી, દિવ્યેશ ખૂટ, વિજય ખૂટ, ભરત કિયાળા, અમિત સાકરિયા,અમિત સોરઠીયા, નિલેશભાઈ રાજ્યગુરૂ, નિમિષ ભારદ્વાજ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ સ્વિમિંગ સ્પર્ધામાં સમગ્ર ભારતમાંથી ૪૫૦ થી વધારે સ્પર્ધકો ભાગ લેશે તથા જુદી જુદી સ્વિમિંગની સ્ટાઈલ જેમકે ફ્રી સ્ટાઈલ, બટરફ્લાય,બેક સ્ટોક,બ્રેસ્ટસ્ટ્રોક આમ ચાર સ્ટાઈલમાં સ્પર્ધકો એમનું કોવત દેખાડશે.

આ સ્પર્ધામાં ડાઈવીંગ હરીફાઈ પણ સામેલ છે. જેમાં સમગ્ર ભારત માંથી ખુબ સારો ડાઈવીંગ ખેલાડી ઓ પોતાની અદ્ભુત ડાઈવીંગ કરી દર્શકો અને ખેલાડીને રોમાંચિત કરશે જેમાં ૧ મીટર થી ૧૦ મીટરની ઉંચાયથી અલગ અલગ ડાઈવીંગ કરશે.

અંતમાં ઉમેશ રાજ્યગુરૂ એ જણાવેલ હતું કે, રાજકોટની ખેલ પ્રેમીઓ અને રાજકોટના પ્રેસ મીડીયા ઇલેક્ટ્રિક મીડિયા અને પત્રકારોને પણ આ સ્પર્ધા નિહાળવા બાળકો સાથે આવે અને તરણ સ્પર્ધા અને તરણ સ્પોર્ટ્સ માટે નવી જાગૃતિ આવે અને પોતાનું બાળક સ્વિમિંગ પ્રત્યે આકર્ષિત થાય અને પ્રેરણા મળે તેમ જણાવ્યું છે.(૧૩)

## 'આપ'માં જોડાયેલા ૧૦૦ થી વધુ કોંગ્રેસના કાર્યકરોની ઘર વાપસી

### આગેવાનો-કાર્યકરોને આવકારી વિધિવત પ્રવેશ આપતા પ્રદીપ ત્રિવેદી, મહેશ રાજપૂત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

શહેર કોંગ્રેસ સમિતિની યાદીમાં જણાવ્યું છે કે, એકાદ માસ પૂર્વે આમ આદમી પાર્ટીમાં દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના મુખ્ય સંયોજક અરવિંદ કેજરીવાલની ઉપસ્થિતિમાં આમ આદમી પાર્ટીમાં કોંગ્રેસમાંથી જોડાયેલા હતા. જેઓ ૧૦૦ થી વધુ આગેવાનો કાર્યકરો એ વિધિવત રીતે કોંગ્રેસ પાર્ટી જોઈન્ટ કરી હતી.

જેમાં કોંગ્રેસમાં વિધિવત જોડાયેલા આગેવાન-કાર્યકરોમાં અરવિંદભાઈ મુછડિયા, હરેશભાઈ ગોહેલ, અરવિંદભાઈ મકવાણા, અભયભાઈ મુછડિયા, જીવનભાઈ સિંઘલ, નીરજભાઈ મકવાણા, જેન્તીભાઈ વાઘેલા, યતિનભાઈ વાઘેલા, ભલાભાઈ ચાંડપા, કેતનભાઈ મકવાણા, કાકુભાઈ સોલંકી, સવજીભાઈ પટેલ, વશરામભાઈ લીંબાસીયા, તુલશીભાઈ રાઠોડ, વસંતભાઈ ચાવડા, વિનોદભાઈ પરમાર, દિનેશભાઈ પાઠક, વિનોદભાઈ મુછડિયા, સોમાભાઈ પરમાર, દાનાભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પરમાર વગેરે સહિત ૧૦૦ થી વધુ આગેવાનો કાર્યકરોએ કોંગ્રેસમાં વિધિવત પ્રવેશ મેળવ્યો હતો. આ તકે શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ મહામંત્રી મહેશભાઈ રાજપૂત, વોર્ડ પ્રમુખ વાસુભાઈ ભંભાણી, શહેર કોંગ્રેસ એસ.સી.વિભાગ ચેરમેન નરેશભાઈ સાગઠીયા, ઓ.બી.સી. વિભાગ ચેરમેન હાર્દિપસિંહ રાજપૂત, પૂર્વ કોર્પોરેટર પ્રવીણભાઈ સોરાણી, કોંગ્રેસ આગેવાનો હેમતભાઈ મયાત્રા, વશરામભાઈ ચાંડપા, હીરાભાઈ પરમાર, શાંતાબેન મકવાણા, ગેલાભાઈ મુછડિયા, હીરાભાઈ ચાવડા, પ્રવીણભાઈ મુછડિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા અને આમ આદમી પાર્ટી છોડી કોંગ્રેસ પાર્ટીમાં જોડાયેલા દરેક આગેવાનો-કાર્યકરોને આવકારી વિધિવત પ્રવેશ કરાવ્યો હતો. તેમ જણાવ્યું છે.

## રેલવે પેન્શન અદાલતમાં ૬૨ કેસનો નિકાલ



**હવે સામાન્ય કામકાજના દિવસોમાં પણ પેન્શનરોના પ્રશ્નો અને સમસ્યાઓનું નિરાકરણ લાવવાની ખાતરી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ખાતે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા મુજબ ભૂતકાળમાં પેન્શનરો અને ફેમિલી પેન્શનરો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી, જેના આધારે બધા મામલામાં ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો હતો.

કુલ ૬૨ કેસ મળ્યા હતા, આ તમામ કેસોનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન, કુલ ૧૨ પેન્શન પે ઓર્ડર જારી કરવામાં આવ્યા હતા જે ડિવિઝનલ રેલવે મેનેજર અનિલ કુમાર જૈન અને એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર જી પી સૈની દ્વારા નિવૃત રેલવે કર્મચારીઓને વ્યક્તિગત રીતે આપવામાં આવ્યા હતા. તમામ પેન્શનરોને ખાતરી આપી હતી કે માત્ર પેન્શન અદાલત દરમિયાન જ નહીં પરંતુ સામાન્ય કામકાજના દિવસોમાં પણ પેન્શનરોની સમસ્યાઓ પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવશે અને કર્મચારી અને હિસાબ વિભાગ દ્વારા સંપૂર્ણ સહકાર આપવામાં આવશે.

પેન્શન અદાલતમાં ૫૫ જેટલા વરિષ્ઠ નાગરિકો/તેમના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને પેન્શન અદાલતનું સુખદ સમાપન થયું હતું. આ પ્રસંગે સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર મનીષ મહેતા, સિનિયર ડિવિઝનલ ફાઇનાન્સ મેનેજર કિરણેન્દુ આર્ય અને એકાઉન્ટ્સ અને પર્સનલ વિભાગના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહી પેન્શન અદાલતને સફળ બનાવી હતી.

## માણાવદર પંથકમાં ૨ ઈંચ વરસાદ

**(ગીરીશ પટેલ દ્વારા)**

માણાવદર, તા.૧૬: માણાવદર પંથકમાં અનરાધાર વરસાદ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ પડયો છે. ભારે વરસાદે પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખુલ્લી પાડી છે. શહેરમાં પ્રિ-મોન્સુન કામગીરી થઈ નથી જેથી ઠેર-ઠેર મોટી ગટરો કાદવ-કિચડ ગંદકીથી ખદબદે છે જેથી પાણીનો નિકાલ થતો નથી. ભૂગર્ભ ગટર પહેલી જ નિષ્ફળ ગઈ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. શહેરમાં ૬૮ મી.મી. વરસાદ નોંધાયો છે. સર્વત્ર વાવણી શરૂ થઈ ગઈ છે.



### ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલને અપાયું આવેદનપત્ર

## સરકારી કચેરીઓમાં આઉટ સોર્સિંગ કર્મચારીઓનું શોષણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

રાજકોટ સહિત ગુજરાત રાજયમાં સરકારની કચેરીઓમાં કામ કરતા કરાર આધારીત આઉટસોર્સિંગ કર્મચારીઓનું શોષણ અટકાવવાની માંગણી સાથે રાજકોટના ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલને આવેદનપત્ર આપીને આઉટસોર્સ કર્મચારીઓએ આવેદન પત્રમાં રાજય સરકારની જુદી-જુદી સરકારી કચેરીઓમાં કોન્ટ્રાકટ બેઇઝ આઉટસોર્સિંગમાં વર્ગ -૩ અને વર્ગ -૪ ના જુદા-જુદા હોદ્દા મુજબ કર્મચારી તરીકે છેલ્લા ઘણા વર્ષોથી ફરજ બજાવીએ છીએ. આ ફરજ દરમ્યાન એજન્સીઓ દ્વારા લાયકાત પ્રમાણે યોગ્ય વેતન આપવામાં આવતું નથી. જુદી જુદી કચેરીઓમાં વર્ષોથી કારકુન, ડેટા એન્ટ્રી ઓપરેટર, પટ્ટાવાળા, ડ્રાઈવર જેવા હોદ્દા પર નિષ્ઠાપૂર્વક ફરજ બજાવીએ છીએ. સામાન્ય સરકારી મજુર કરતા પણ ઓછું વેતન આપવામાં આવે છે જે યોગ્ય નથી. આટલા વેતનમાં હાલમાં ચારેકોર વધી પડેલી મોંઘવારીમાં પરીવારનું યોગ્ય રીતે ભરણપોષણ કરી શકતા નથી. થોડા સમય પહેલા જ લોકડાઉનનો સમયગાળો જતા આર્થિક સંકળામણ અનુભવી રહ્યા છીએ, તેમાં હજુ આર્થિક અને માનસીક શોષણનો ભોગ બનવું પડે છે. એટલુ જ નહીં આ પ્રકારના આવેદનો અનેકવાર જુદા જુદા કલેકટરોને વારંવાર આપવા છતાં રજૂઆતો ઉપર લેવલે કોઇ સાંભળતું નથી.



**કોન્ટ્રાકટર એજન્સી દ્વારા યોગ્ય વેતન નહીં અપાતું હોવા સહિતના મુદ્દે રજૂઆત કરીને નિરાકરણ લાવવા માંગ**

વધુમાં કોઇપણ જાતના ટી.એ..ડી.એ. કે બોનસ જેવા અન્ય લાભો પણ આપવામાં આવતા નથી. જો જવાબદાર અધિકારીઓને રજૂઆત કરવા જતા અથવા તો હક માટે અવાજ ઉઠાવતા નોકરીમાંથી છુટા કરી નાખતા હોય છે અથવા તો રજૂઆતની વાત કરતા નોકરીમાંથી છુટા કરવાની ધમકી આપી બંધારણીય અવાજ દબાવવાનો પણ પ્રયત્નો સરકારી ઉચ્ચ અધિકારીઓ કરે છે જેથી માનસીક યાતનાનો ભોગ બનવું પડે છે, જે વિગતો ધ્યાને લઇ ઉપર લેવલે સરકારમા આવેદન પત્ર યોગ્ય ન્યાયીક પગલા લેવાની ભલામણ કરવા અંતમાં ધારાસભ્યને અરજ કરાઇ છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### સૌરાષ્ટ્રમાં વીજબિલ ભરવામાં ઉદાસીન એક નહીં પૂરી ૬૬ નગરપાલિકાઓ..!!

ઓફિસર ગિરીશ સરિયાએ જણાવ્યું હતું કે, લોકોને પાણી પહોંચાડવાનો ખર્ચ ખૂબ વધી રહ્યો છે. અમારે ભૂગર્ભ જળ ખેંચીને ઘરો સુધી પહોંચાડવું પડે છે પણ પાલિકાઓની આવક ઘટી રહી હોવાથી વધારાનાં ખર્ચ માટે પૂરતા નાણા તિજોરીમાં રહેતા નથી. અંજાર નગરપાલિકાનાં ચીફ ઓફિસર જીગર પટેલે જણાવ્યું હતું કે, અમારી પાસે વીજબિલ ચૂકવવા જેટલું ફંડ જ નથી. સરકારની ગ્રાન્ટ પણ ચોક્કસ પ્રોજેક્ટ માટે જ મળતી હોય છે. પીજીવીસીએલ તંત્ર શહેરી વપરાશકાર ગણીને નગરપાલિકાઓ પાસેથી ગ્રામ્ય કરતા વધુ ઉંચા દરે વીજ વપરાશનો ચાર્જ વસુલે છે. એટલે નગરપાલિકાઓને પણ રાહત દરે વીજળી આપવી જોઈએ. નગરપાલિકાઓનાં જે લેણા હોય એ પણ અંગે વિભાગો ચૂકવી આપે તો નગરપાલિકાઓની આવક પણ વધી શકે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી.(૨.૧૨)

### નરેશ પટેલની રાજકારણને 'ના'

નરેશ પટેલનાં રાજકારણને સો ગજ દૂરથી નમસ્કાર કરવાના નિર્ણયને ભાજપનાં પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે આવકાર આપ્યો છે. પાટીલે એમના નિર્ણયને યોગ્ય ગણાવી કહ્યું હતું કે, નરેશ પટેલ પોતે એક સક્ષમ વ્યક્તિત્વ છે. આ રીતે મહિનાઓ સુધી રાજકીય પક્ષો, રાજકીય નિરીક્ષકો અને પંડિતો તથા મીડિયાને રાહ જોવડાવતા રહી અને ગોળ-ગોળ ફેરવીને લેઉવા પટેલ નેતા નરેશ પટેલે રાજકારણનાં મામલે 'કોથળામાંથી બિલાડું' કાઢ્યું છે. આ નિર્ણયથી જો કે બધાને આશ્ચર્ય થયું નથી. મીડિયાનો એક વર્ગ તો પહેલેથી માનતો હતો કે, નરેશ પટેલ રાજકારણમાં પ્રવેશ નહીં જ કરે. અંતે આજે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ ગયું છે.(૨.૧૨)

### ભારત ગૌરવ યોજના અંતર્ગત દેશની પ્રથમ ખાનગી ટ્રેન પાટા પર દોડતી થઇ

ક્લાસ એસીનો ચાર્જ રૂ.૭ હજાર અને ફસ્ટ ક્લાસ એસીનો ચાર્જ રૂ.૧૦ હજાર રાખવામાં આવ્યો છે. જયારે પેકેજ ટિકિટ દર ખૂબ જ સસ્તા રહેશે. તેનો ચાર્જ અનુક્રમે રૂ.૪૯૯૯, રૂ.૭૯૯૯, રૂ.૯૯૯૯ અને રૂ.૧૨૯૯૯ રાખવામાં આવ્યો છે. ખાનગી ટ્રેનમાં એક ટ્રેન કેપ્ટન, એક ડોક્ટર, સુરક્ષા ગાર્ડની ટીમ અને રેલવે પોલીસ ફોર્સનાં જવાનો તૈનાત કરાયા છે. ઈલેક્ટ્રીશીયન, એસી મિકેનિક તથા અગ્નિસમન સુરક્ષા અધિકારીઓ પણ ખાનગી ટ્રેનમાં તૈનાત રહેશે. ધુમ્રપાન મુક્ત ડબ્બાઓમાં રેડિયો જોકી અને સ્પીકર પણ ગોઠવવામાં આવ્યા છે. જેના થકી ભક્તિ ગીતો, ઇન્ટરવ્યૂહ અને ધર્મકથાઓનું પ્રસારણ થતું રહેશે. ભારતીય અને વિદેશી પ્રવાસીઓ દેશના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થાનોની ઝાંખી કરી શકે એ માટે રેલવે એ ૨૦૨૧ માં ભારત ગૌરવ યોજના શરૂ કરી હતી. ખાનગી કંપનીઓ રેલવે પાસેથી બે વર્ષ માટે ટ્રેન લીઝ પર લઇ શકશે. જે ટુરીઝમ સર્કીટ પર ફરશે. ૨૦ ડબ્બાની ટ્રેન માટે માર્ટિનની કંપનીએ રૂ.૧ કરોડની ડીપોઝીટ રેલવેમાં જમા કરાવી છે.(૨.૧૨)

### વડોદરામાં રૂ.૧૬૩૦૦ કરોડનાં પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે વડાપ્રધાન

શિખરને રૂ. સાડા સાત કરોડનાં ખર્ચે સોનેથી મઢવામાં આવ્યા છે. અહીં લીફ્ટ પણ મુકાનાર છે. ૪૦૦ ભાવિકો એક સાથે જમી શકે એવો ડાઈનીંગ હોલ પણ બની રહ્યો છે. પાવાગઢથી વડોદરા પરત આવી વડાપ્રધાન લેપ્રસી મેદાન હંકારી જશે. જ્યાં તેઓ રેલવેનાં રૂ.૧૬૩૬૯ કરોડનાં પ્રોજેક્ટનું ઉદ્દઘાટન અને ભૂમિપૂજન કરશે. ત્યારબાદ પ્રતાપ વિલાસ પેલેસ પાસે નિર્માણ પામનાર દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટીની આધુનિક ઈમારતનું શિલાન્યાસ મોદીનાં હસ્તે થશે. રૂ.૭૨૫૦ કરોડનાં ખર્ચે તૈયાર રેલવેનાં પાલનપુર-મદાર સમર્પિત માલ પરિવહન કોરીડોરનું વડાપ્રધાન ઉદ્દઘાટન કરશે અને ગેજ પરિવર્તિત થયેલી બોટાદ- અમદાવાદ ઉતારું ટ્રેનને લીલીઝંડી આપશે. અન્ય કેટલીક સ્થાનિક ટ્રેનને પણ લીલીઝંડી આપશે. ત્યારબાદ સુરત, ગાંધીધામ, ઉધના, સોમનાથ અને સાબરમતી રેલવે સ્ટેશનનાં સંખ્યાબંધ પ્રોજેક્ટનું તેઓ ભૂમિપૂજન કરશે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### રાજકોટનો ટી-૨૦ જીતી શ્રેણી સરભર કરવા કાલે મેદાનમાં ઉતરશે ભારતીય ટીમ

સહિતની રસપ્રચુર વાનગીઓ તૈયાર કરવામાં આવી છે. જેથી કરીને ખેલાડીઓને ભાવતા ભોજન પીરસી શકાય. ભારતીય ખેલાડીઓ જયારે પણ રાજકોટ આવે છે ત્યારે આપણા ગાંઠીયાનો આસ્વાદ જરૂર માણતા હોય છે. એટલે એ માટે પણ હોટેલમાં ખાસ તૈયારી કરવામાં આવી છે. ક્રિકેટ સ્ટેડીયમ ખંઢેરી ખાતે આવતીકાલ તા.૧૭ ને શુક્રવારે બંને ટીમો વચ્ચે ચોથો ટી-૨૦ મેચ રમાનાર છે. ભારતે ત્રીજો મેચ વિશાખાપટ્ટનમ ખાતે જીતી લઈને શ્રેણી જીવંત રાખી છે. હવે ભારતીય ટીમ આવતીકાલનો મેચ જીતી શ્રેણીને સરભર કરવા અને બાદમાં શ્રેણી વિજય મેળવવા માટે થનગની રહી છે. આવતીકાલનાં મેચ માટે રાજકોટ અને સૌરાષ્ટ્રભરનાં ક્રિકેટ રસિયાઓ પણ તલપાપડ થઇ ઉઠ્યા છે. ટીકીટોનું જોરદાર વેચાણ થઇ રહ્યું છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનને આશા છે કે, આખું સ્ટેડીયમ પેક થઇ જશે. રાજકોટમાં તો રીતસરનો ક્રિકેટ જવર પ્રસરી ગયો છે. આજે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ તથા જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોરે ખંઢેરી સ્ટેડીયમની મુલાકાત લીધી હત્તી. તથા સુરક્ષા અને સુવિધાઓ અંગે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ક્રિકેટ એસો.નાં વડા તથા સંબંધિત વિભાગનાં અધિકારીઓ સાથે બેઠક યોજી બંને ઉચ્ચ અધિકારીઓએ સઘન સમીક્ષા કરી હતી. કલેકટરે ફાયર સેફટી, વીજ કનેક્ટીવીટી, પાર્કિંગ, ટ્રાફિક મેનેજમેન્ટ તથા એન્ટ્રી પોઈન્ટ પર કોવિડ ગાઈડલાઈન્સ સાથે એન્ટ્રી વ્યવસ્થા અંગે પરામર્શ કર્યો હતો અને જરૂરી સૂચનાઓ આપી હતી. જિલ્લા પોલીસ વડાએ બંદોબસ્તનું રિહર્સલ નિહાળ્યું હતું અને ખાસ બેઠક યોજીને ક્રાઉડ મેનેજમેન્ટ તથા ટ્રાફિક સંચાલન અંગે વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. તેમણે પ્રેક્ષકોને કોઈ મુશ્કેલી ન પડે એ માટે ખાસ સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરવા પોલીસને ખાસ સુચના આપી હતી. કલેકટરે ખાનગી એજન્સીઓને વ્યવસ્થામાં કોઈ ગડબડ ન થાય અને દર્શકોને મુશ્કેલી ન પડે એ જોવા માટે તાકીદ કરી હતી. ફાયર સેફટી માટે સ્ટેડીયમ પર કરાયેલી વ્યવસ્થા અંગે પણ કલેકટરે માહિતી મેળવી હતી. અલગ- અલગ ગેઇટ પર ૪ ફાયર ફાઈટર તૈયાર રહેશે. સ્ટેડીયમ પર સુરક્ષા માટે ૪૩૦ અધિકારીઓ અને જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. ક્રિકેટ એસો.નાં વડા અને હોદ્દેદારોએ સ્ટેડીયમ ખાતે તમામ વ્યવસ્થા અંગે કલેકટરને જાણકારી પૂરી પાડી હતી. આ પ્રસંગે પ્રાંત અધિકારી વીરેન્દ્ર દેસાઈ, ચીફ ફાયર ઓફિસર આઈ.વી.ખેર, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનાં માંધાતા નિરંજનભાઈ શાહ, જયદેવ શાહ, કરણભાઈ શાહ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.(૨.૧૨)

### ફેટ સ્પ્રેડ કેશર શિખંડ તથા શુધ્ધ ઘીના બે નમુના સબસ્ટાન્ડર્ડ જાહેર

ટીલાળા પાસેથી લેવાયેલ ખાદ્યચીજ - કેસર શિખંડ (લૂઝ), નો નમૂનો તપાસ બાદ રિપોર્ટમાં કલરિંગ મેટર તરીકે સિન્થેટીક ફૂડ કલર -ટાર્ટ્રાઝિનની હાજરી મળી આવતા સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ.મરાસા હોસ્પિટાલિટી પ્રા. લી, ડો.રાજેન્દ્રપ્રસાદ રોડ, લીમડા ચોક, શાસ્ત્રીમેદાન પાસે, રાજકોટ મુકામેથી હિમાંશુકુમાર સત્યેંદ્રસિંહ પાસેથી લેવાયેલ ખાદ્યચીજ - NUTRALITE PROFESSIONAL CREAMYLICIOUS MIXED FAT SPREAD (FROM 500 GM PACKED)નો નમૂનો તપાસ બાદ રિપોર્ટમાં એસિડ વેલ્યૂની માત્રા ધારાધોરણ કરતાં વધુ મળી આવતા સબસ્ટાન્ડર્ડ ફૂડ જાહેર થયેલ. કેક એન જોય, શ્યામ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૬, સ્વામિનારાયણ ચોક મલય ઘનશ્યામભાઈ કોટક પાસેથી લેવાયેલ ખાદ્યચીજ - CAKE N JOY ALMOND COOKIES (200 GM PACKED) નો નમૂનો તપાસ બાદ રિપોર્ટમાં ઉત્પાદન/પેકિંગ કર્યાની તારીખ દર્શાવેલ ન હોય નમૂનો મિસબ્રાન્ડેડ ફૂડ જાહેર થયેલ. ફૂડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન સાથે ૮૦ ફૂટ રોડ- વાવડી મેઇન રોડ વિસ્તારમાં નીચે દર્શાવેલ વિગતો મુજબ કુલ ૨૦ પેઢીની ચકાસણી કરવામાં આવેલ. ચકાસણી દરમિયાન વેંચાણ થતાં ઠંડાપીણાં, દૂધ, દૂધની બનાવટ, ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વિગેરેના કુલ ૧૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ. મહાનગરપાલિકા વિસ્તારમાંથી ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ મુજબ ૦૩ નમૂના લેવામાં આવેલ. હેવમોર -સ્ટ્રોબેરી ફ્લેવર્ડ આઇસક્રીમ (૭૦૦ ml પેક માંથી): સ્થળ- શ્રી સાંઇ એજન્સી- સેતુબંધ સોસાઇટી, મહિલા કોલેજ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ.વાડીલાલ -બદામ કાર્નિવલ આઇસક્રીમ (૭૦૦ml પેક માંથી): સ્થળ- આત્મીય એન્ટરપ્રાઇઝ -૪/૧૦ ભક્તિનાગર સ્ટેશન પ્લોટ , જીવન બેંકની સામે, રાજકોટ, અમુલ -કુકીઝ ક્રીમ આઇસક્રીમ (૭૫૦ ml પેક માંથી): ભારત સેલ્સ એજન્સી-બિલખા પ્લાઝા કોમ્પ્લેક્સ, કસ્તુરબા રોડ, ખાતેથી નમુના લેવામાં આવેલ.

### રાજકોટઃ ભાડે આપેલ ૧૬ આવાસોને સીલ

E-14, E-24, E-44, E-51, E-52, E-54, E-63, E-73 તેમજ E-74 નંબરના આવાસમાં મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ રહેતા માલુમ પડેલ હોવાથી નોટીસ આપવામાં આવેલ હતી. જેથી મ્યુનિ. કમિશનર અમિત અરોરાની સુચના અન્વયે નાયબ કમિશનર એ. કે. સિંહના માર્ગદર્શન હેઠળ તા.૧૪ના રોજ આવાસોમાં આવાસ યોજનાની ટીમ દ્વારા વિજીલન્સ ટીમ સાથે રાખીને સીલ મારવામાં આવેલ છે.

# રાજકોટ કલેકટરનો દ્વારા લેન્ડ રિવિઝન કેસમાં મહત્વનો ચુકાદોઃ મૃતકના વારસોની નોંધ મંજુર

## ગુજરનારના સીધીલીટીના ૧૭ વારસદારોની નોંધ રે. સર્વે નં.૭૨ પૈકી ૧ માં મંજુર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬


રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના કોલીથડ ગામના ખેડુતખાતેદાર રંભાબેન પ્રેમજીભાઈ વરીયાનું ૨૦૦૫ માં અવસાન થતા તેના વારસદાર નારણ પ્રેમજીભાઈ વરીયાએ ખોટા સોગંદનામા કરી તેમજ વારસદારોની ડુપ્લીકેટ સહી કરી વારસાઈ નોંધ તેમજ હકક કમીની નોંધ એકજ દિવસમાં મંત્રી તેમજ મામલતદાર સાથે મળીને નોંધો પાડી દીધેલ હતી.

જેમાં ગુજ. રંભાબેન પ્રેમજીભાઈ વરીયાના વારસદાર સ્વ ભગવાનજીભાઈ પ્રેમજીભાઈ વરીયાના પત્ની મંગળાબેન તેમજ બંન્ને પુત્રીના નામ વારસદારોમાંથી કાઢી નાખેલ હતા. જે અન્વયે સ્વ. ભગવાનજીભાઈના વારસદારો મંગળાબેન પુત્રી રંજનબેન, પુત્ર રમેશભાઈ વગેરે કલેકટરને અરજી આપેલ હતી. જેમાં નામદાર કલેકટરે આ પ્રશ્ન શીટમાં લીધેલ જયારે ગોંડલ મામલતદાર ઓફિસમાંથી ઉપરોકત નોંધને લગતું રેવન્યુ રેકર્ડ ગુમ કરી દેવામાં આવેલ હતું . RTI કરવા છતાં પણ નારણભાઈની ઉચી વગના હિસાબે રેવન્યુ રેકર્ડ મળેલ નહીં અને ગોંડલ મામલતદારએ આ પ્રશ્ન લેન્ડ રીવીઝનમાં લેવા કલેકટરને ભલામણ કરેલ.

ઉપરોકત ભલામણના આધારે લેન્ડ રીવીઝન ૧૦૮ (૬) કેસ નં. ૪૭ ૨૦ નામદાર રાજકોટ કલેકટરએ કેશ ચલાવતા ઉપરોકત નોંધમાં મંગળાબેન તેમજ બંન્ને પુત્રીના નામ દાખલ નથી થયા તેનું ધ્યાને આવેલ તેમજ આ નોંધો ખોટી રીતે પાડેલ હોય વારસદારોના સરનામાં નારણ પ્રેમજીએ સોગંદનામાં ખોટા દર્શાવી અને ૧૩૫ - ડી ની નોટીસમાં પણ ડુપ્લીકેટ સહીઓ કરી જે માટે મંગળાબેન વરીયા ના વકીલશ્રીએ નયનભાઈ મહેતાએ FSL રીપોર્ટ કરી આ સહીઓ બોગસ હોવાનું પુરવાર કરેલ . તેમજ રંજનબેન વરીયાના વકીલ મનીષભાઈ પંડયા અને રમેશભાઈ વરીયાના વકીલ દિલીપભાઈ કંડોલીયાએ આ સોગંદનામાં ખોટી સહીથી રજુ કરેલ હોય એકજ દિવસમાં રજુ કરેલ હોય અધિકારીની મીલીભગતથી રજુ કરેલ હોય તેવી ધારદાર દલીલો રજુ કરતા કલેકટરએ લેન્ડ રીવીઝન અરજી મંજુર રાખી ગુજ. રંભાબેનના સીધીલીટીના ૧૭ વારસદારોના નામ દાખલ કરવા હુકમ કરેલ છે અને નારણ પ્રેમજી વરીયા ગામના પ્રતિષ્ઠીત વ્યકિત હોય શિક્ષક હોય છતાં પણ જાણી જોઈ ડુપ્લીકેટ સોગંદનામાં અને સહીઓ રજુ કરતા તેમજ સરકારી જમીનમાં પેશકદમી કરી લેન્ડ ગ્રેબીંગ એકટમાં નારણ પ્રેમજીની ધરપકડ થયેલ. જે કલેકટરએ મંગળાબેન ભગવાનજીભાઈ વરીયાની તરફેણમાં અરજી મંજુર કરી હુકમ ગ્રાહ્ય રાખેલ.

આમ ગુજનારના સીધી લીટીના ૧૭ વારસદારોની નોંધ રે.સર્વે નં. ૭૨ પૈકી ૧ માં મંજુર ક રેલ છે. આ કામમાં અરજદાર વતી એડવોકેટ મનીષભાઈ પંડયા, નયનભાઈ મહેતા, દિલીપભાઈ કંડોલીયા રોકાયેલા હતા.

## દિલ્હીમાં ૨૩મીએ સહકારી બેન્કીંગ ક્ષેત્રનો સેમિનાર





**કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના હસ્તે ૧૦૦ વર્ષ જૂની સહકારી બેન્કોનું સન્માન કરાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

સહકારી ક્ષેત્રની સર્વોચ્ચ સંસ્થા, નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટીવ બેંકસ અને ક્રેડિટ સોસાયટીઝ લિ. (નાફકબ-ન્યુ દિલ્હી) દ્વારા તા. ૨૩મી જુન, ગુરૂવારે, વિજ્ઞાન ભવનમાં અમિતભાઇ શાહ (કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી)ની વિશેષ ઉપસ્થિતિમાં 'અર્બન કો-ઓપરેટીવ ક્રેડિટ સેકટરની ભવિષ્યની ભૂમિકા' વિષયક સેમિનારનું આયોજન કરાયું છે.

જાણીતા સહકારી અગ્રણી અને નાફકબ અધ્યક્ષ જ્યોતીન્દ્રભાઇ મહેતાએ જણાવ્યું છે કે, 'રાષ્ટ્રીય કોન્કલેવમાં ૧૦૦ વર્ષ જૂની સહકારી બેંકોને કેન્દ્રીય સહકાર મંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવશે. તે સહકારી બેંકિંગ મોડલની સફળતાનું જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ છે. વિશેષમાં, શહેરી સહકારી બેંકો આગળ વધવા માટે વિવિધ મુશ્કેલીઓ છે જેવી કે, સાર્વજનિક રીતે બજારમાંથી મૂડી એકઠી કરવી, શાખાઓના વિસ્તારની આવશ્યકતા છે. પહેલા રૂા. ૭૫૦ કરોડનો વ્યવસાય કરવાવાળી શહેરી સહકારી બેંકોને વિશેષ દરજ્જો અપાતો તે હવે બંધ થઇ ગયો છે. આ બધા માટે અમો, કેન્દ્રીય મંત્રીને અનુરોધ કરીશું.'

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશભરમાં ૧૫૦૦થી વધુ સહકારી બેંકો કાર્યરત છે. ઉપરોકત આયોજનને સફળ બનાવવા માટે જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. આ સેમિનારમાં ૧,૦૦૦થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. આર.બી.આઇ.ના નિર્દેશ મુજબ શહેરી સહકારી બેંકોની દેશભરમાં ૧૧,૧૯૫ શાખાઓ છે. તેમાં પણ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને તામિલનાડુમાં સર્વાધિક પ્રતિનિધિત્વ કરે છે.

## શહેર ભાજપ યુવા અગ્રણી શૈલેષ ડાંગરનો આજે જન્મદિવસ



રાજકોટઃ શહેર યુવા ભાજપ અગ્રણી તેમજ વિધાનસભા-૭૦ના આઇ.ટી.મીડિયાના ઇન્ચાર્જ શૈલેષભાઈ ડાંગરનો આજે જન્મદિવસ છે. શૈલેષભાઈ ડાંગર રાજકોટ શહેર ભાજપ અગ્રણી હરિભાઈ ડાંગર (બાપલીયા) તેમજ મહાનગરપાલિકાના રોશની સમિતિના ચેરમેન અને વોર્ડ નં.૧૩ના કોર્પોરેટર જયાબેન હરિભાઈ ડાંગરના પુત્ર છે. આજે તેમના જન્મદિવસ નિમિતે પરીવારજનો, મિત્ર મંડળ સહિત વિવિધ રાજકીય તથા સામાજિક ક્ષેત્રના અગ્રણીઓએ રૂબરૂ તેમજ મો.નં.૯૯૭૪૩ ૪૩૬૪૩ પર જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

## ઈન્ડીયન મેડિકલ એસોસિએશન-રાજકોટના તબીબો દ્વારા રકતદાન યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬



ઈન્ડીયન મેડિકલ એસોસિએશન-રાજકોટ દ્વારા પી.ડી.યુ. મેડિડલ કોલેજના રકતદાતા એસોસિએશન (મેડિકલના વિદ્યાર્થી)ના સહયોગથી તદાતાઓના સન્માનમાં વિશ્વ રક્તદાન દિવસ નિમિતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટના તબીબોએ ૧૦૨ બોટલ રક્તનું દાન કરી સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરી હતી.

આ કેમ્પનું ઉદ્‌ઘાટન પી.ડી.યુ. મેડિકલ કોલેજના ડીન ડો. કમલેશ વીઠલાણી, એડિનલ ડીન ડો. અનિલસિંઘ, રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રાધેશ્યામ ત્રિવેદી તથા પી.ડી.યુ. મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગના હેડ ડો. ગૌરવી ધ્રુવના હસ્તે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં સંસ્થાના તબીબો દ્વારા ૧૦૨ બોટલ રકતદાન કરવામાં આવ્યું હતું. રાજકોટના તબીબી લોકોની તંદુરસ્તી જળવાઈ રહે એ માટે સતત લોક જાગૃત્તિના કાર્યક્રમો યોજે છે. રકતદાન કેમ્પના પ્રોજેકટ કો.ઓર્ડીનેટર તરીકે ડો. અમીત અગ્રાવત, ડો.કૃપાલ પુજારા, ડો.સેજુલ અંટાળા, ડો. જીજ્ઞેશ ભીમાણી અને ડો.ચિંતન કણસાગરાએ સેવા આપી હતી. ડો. સંજય ભટ્ટ, ડો. હિરેન કોઠારી, ડો.ચેતન લાલસેતા, ડો. તેજસ કરમટા, ડો.સમીર ઠકરાર, ડો. ટી.કે. એમ. ઈશ્વર, ડો, દુષ્યંત ગોંડલીયા સહિત અને તબીબોએ રક્તદાન કર્યું હતું.

## સરગમ ચિલ્ડ્રનના સભ્યો માટે ફિલ્મ શો અને ચિત્ર સ્પર્ધા યોજાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

સરગમ ચિલ્ડ્રન કલબના સભ્યો માટે તા.૧૯ ને રવિવાર નાં રોજ સવારે ૯ થી ૧૧:૩૦ હેમુગઢવી હોલમાં પિક્ચર શોનું આયોજન કરવામાં આવેલ છે. આઈકાર્ડ સાથે રાખવાનું રહેશે અને બાળકોને ૧૧:૩૦ વાગ્યે તેડી જવું. ચિલ્ડ્રન કલબના સભ્યો સિવાય જેને આવું હોય તેને રૂ.૧૦૦ ગેસ્ટ ચાર્જ આપવો પડશે. ગેસ્ટમાં ફક્ત બાળકોને પ્રવેશ કરવામાં આવશે. તા.૨૬ ને રવિવારના રોજ સાંજે ૪ થી ૬ ડ્રોઈંગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવેલ છે તેમાં બે ગ્રુપમાં રાખવામાં આવેલ છે. ગ્રુપ એ - ૬ થી ૧૦ વર્ષ અને ગ્રુપ બી - ૧૧ થી ૧૫ વર્ષના બાળકો ભાગ લઇ શકશે. સરગમ ક્લબ તરફથી ડ્રોઈંગ પેપર આપવામાં આવશે. કલર્સ તથા પેડ વગેરે વિદ્યાર્થીઓએ પોતાની સાથે લાવવાનાં રહેશે. ચિત્રની થીમ સ્થળ ઉપર આપવામાં આવશે. આ ચિત્ર સ્પર્ધાના વિજેતાની પણ જાહેરાત કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ચિલ્ડ્રન કલબના પ્રમુખ અલ્કાબેન કામદાર, મધુરીકાબેન જાડેજા,નીલુબેન મહેતા, ગીતાબેન હિરાણી, ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, અલ્કાબેન ધામેલિયા, જયશ્રીબેન વ્યાસ, દેવાંશીબેન શેઠ તમામ કમિટી મેમ્બર જહેમત ઉઠાવી રહ્યા છીએ તમામ સભ્યોને સરકયુલર કુરિયર મારફત મોકલેલ આપેલ છે. તેમ સરગમ કલબ પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે.

## શહેર કોંગ્રેસ પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલાનો કાલે જન્મદિવસ



રાજકોટઃ વાંકાનેર તાલુકાના ખેરાવ ગામના વતની હાલ રાજકોટને પોતાની કર્મભુમિ બનાવનાર શહેર કોંગ્રેસ પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલાનો આવતીકાલે ૫૪ મો જન્મદિવસ છે. ૪૯ વખત સ્વૈચ્છિ રકતદાન કરી જરૂરિયાતમંદ દર્દીઓના આર્શીવાદ મેળવ્યા છે. વિસ્તારમાં સામાજીક, વૃક્ષારોપણ જેવા કાર્યક્રમોમાં મહત્વનું યોગદાન રહ્યું છે. આવતીકાલે તેમના જન્મદિવસ નિમિતે મો.૯૪૨૬૨૨૯૩૯૬ પર રાજકીય, સામાજીક અને હોમગાર્ડના જવાનોએ શુભેચ્છા પાઠવી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસ નિમિતે શુભકામનાઓ...

## જેસીઆઈ-૭ નો સ્પંદન સમારોહ સંપન્ન

### ગુજરાતમાંથી ૨૦ સ્થાનિક એકમોના ૩૦૦ જેટલા સભ્યોએ ભાગ લીધો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

વ્યક્તિત્વ વિકાસનું ઘડતર કરતી અને વ્યક્તિમાં રહેલ શુષુમ શક્તિઓને ઉજાગર કરતી એક માત્ર સંસ્થા જેસીઆઈ ઇન્ડિયા ઝોન-૭ નો સ્પંદન અર્ધવાર્ષિક સમારોહ જેસીઆઈ દહેગામના યજમાન પદે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં યોજાયો હતો. જેમાં ઝોન-૭ ના ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી લગભગ ૨૦ જેટલા સ્થાનિક એકમોના લગભગ ૩૦૦ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો.

આ સમારોહમાં મુખ્ય મહેમાન પદે જેસીઆઈના નેશનલ પ્રમુખ અન્શુ શરાફ, ઈનોગ્રેટર ઝોન પ્રમુખ સમીર જાની, કી નોટ સ્પીકર એસએમએ નેશનલ ચેરમેન સંજય માંકડ અને ગેસ્ટ ઓફ ઓનર તરીકે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર આનંદ કુમાર ત્રિપાઠી તેમજ ભૂતપૂર્વ વર્લ્ડ વાઈસ પ્રેસિડેન્ટ હાર્દિક કપાડિયા અને ઝોન લીડર ભરત પટેલે હાજરી આપી હતી. અર્ધ વાર્ષિક સમારોહમાં જે પણ સ્થાનિક એકમો દ્વારા શ્રેષ્ઠ કાર્યો કરવામાં આવ્યા હતા તે દરેક સ્થાનિક એકમના પ્રમુખને અવોર્ડ અને સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કોન્ફરન્સ કન્સલ્ટન્ટ સતીશ કોયણી, ઓપનિંગ ચેરમેન તુષાર સુવાગીયા અને કલોઝિંગ ચેરમેન હાર્દિક મોનાની દ્વારા અવનવી રમતો રમાડી જ્ઞાન સાથે ગમ્મત પીરસવામાં આવ્યું હતું અને વિજેતાઓને પણ એવોર્ડથી નવાજેલા હતા.

જેસીઆઈ ઇન્ડિયાના નેશનલ અને ઝોન-૭ ના ભૂતપૂર્વ અને હાલના હોદેદારોએ હાજરી આપી હતી. આ કાર્યને સફળ બનાવવા જેસીઆઈ દહેગામના પ્રમુખ સોનલ શાહ, કોન્ફરન્સ ડાયરેક્ટર હિતેશ શાહ, જૈનિક શાહ, મહેન્દ્ર પ્રજાપતી તથા ઝોન-૭ ના કારોબારી સભ્યો અને જેસીઆઈ દેહગામની ટીમએ જહેમત ઉઠાવી હતી.

## પત્રકાર બ્રિજેડ વેગડાના ભત્રીજા શિવમરાજનો આજે જન્મદિવસ



દાદીમાં વિજયાબા, દાદાબાપુ રમેશબાપુ, પિતા હિતેષભાઈ, માતા આરાધનાબેન (લતાબેન), ફૂઈબા નિશાબેન, આરતીબેન અને નાનીબેન હિતાર્થીબેનનો હરખ સમાતો ન હોઈ કેમકે મોટાભાઈ શિવમરાજનો જન્મદિવસ હોઈને હર્ષ ન હોઈ એવું બને જ કેમ બેને ભાઈને ઓવારણા લઈ શુભ આશિષ પાઠવ્યા. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસનાઓ...

## કાઠીયાવાડ બાલાશ્રમના બાળકોને ભાવતું ભોજન પીરસાયું

**દાઉદી વ્હોરા સમાજ અને હેલ્પર હેન્ડસ સંસ્થા દ્વારા સેવાકાર્ય**

**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ, તા.૧૬




રાજકોટમાં દાઉદી વ્હોરા સમાજ અને હેલ્પર હેન્ડસ સંસ્થાના સહયોગથી શ્રી કાઠીયાવાડ નિરાશ્રિત બાલાશ્રમ ખાતે ૬૦ અનાથ બાળકોને એક સમયનું ભોજન કરાવેલ હતું.

આ સેવાકીય પ્રવૃત્તિ ને સફળ બનાવવા હોઝેફાભાઈ શાકિર, હાતીમભાઈ ઘાણીવાળા, અલીભાઈ હથિયારી, કાઈદભાઈ ભારમલ, જૈનુલભાઈ ભારમલ, ફખરુદ્દીનભાઈ સાયકલવાળા, હુસૈનભાઈ તાજાણી, કુતુબભાઈ કપાસી,

મુસ્લિમભાઈ ભારમલ, હુસૈનભાઈ મુસાણી, તાહાભાઈ સાયકલવાળા, મયુરભાઈ દોણકીયા, મુર્તુઝાભાઈ ભારમલએ જહેમત ઉઠાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં હેલ્પર હેન્ડ્સ એનજીઓની સેવાકીય પ્રવૃતિઓ ટૂંકા ગાળામાં મ્હોરી ઉઠી છે. આ ગ્રુપ થકી સમાજના છેવાડાના લોકોની એક ખરાં અર્થમાં નોંધ લેવામાં આવે છે.

## આટકોટમાં આજે સવારે વરસાદી ઝાપટા



**(કરશન બામટા દ્વારા)** આટકોટઃ આટકોટ ધોધમાર એક ઈંચ વરસાદ પડતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઇ હતી. આટકોટના બપોરે વિજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ હતો. અડધી કલાકમાં એક ઇંચ વરસાદ પડતાં નાના બાળકોથી લઈને મોટા પ્રથમ વરસાદે નાહવાની મજા માણી હતી ગાયત્રીનગર નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા લોકોને હાલાકી ભોગવવી પડી હતી.

## બોગસ રેલવે ભરતી કૌભાંડમાં પકડાયેલા આરોપીની જામીન અરજી મંજૂર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

રેલવેમાં નોકરીના આપવાના બહાને બોગસ એપોઇન્ટમેન્ટ લેટર અને ખોટા ટ્રેનિંગ કલાસ ચાલુ કરી અનેક લોકોને લલચાવી બેરોજગારો સાથે લાખો રૂપિયાની છેતરપિંડીના ગુનામાં પકડાયેલા આરોપી પૈકી રાકેશ કુમાર રાહુલ ભગતની જામીન અરજી સેશન્સ અદાલતે મંજૂર કરી દીધી છે.

બેરોજગાર યુવાનો તેમજ તેમના સગા-વ્હાલાઓનો સંપર્ક કરી રેલવેમાં રૂ. ૧૫ લાખમાં નોકરી આપવાની લાલચ આપી યુવાનોને દિલ્હી ખાતે લઇ જઇ તેઓની કોઈપણ જાતની મૌખિક કે લેખિત પરીક્ષા લીધા સિવાય ખોટા અને બનાવટી નોકરીના ઓર્ડર આપી તેઓની પાસેથી લાખો રૂપિયા મેળવી



એડવોકેટઃ હર્ષ ઘીયા

રેલવે બોગસ ભરતી કૌભાંડમાં સંડોવાયેલા લખનૌ મુકામે બોગસ સિક્કાઓ બનાવી બોગસ ઓર્ડર તૈયાર કરી નાખવામાં પકડાયેલા રાકેશકુમાર ઉર્ફે અંકુશ રાહુલ ભગતની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ પૂર્ણ થતા રાકેશ ભગતને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. જામીન પર છુટવા માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેમાં બન્ને પક્ષની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલમાં આરોપીએ કોઈ આર્થિક લાભ મેળવેલ ન હોય તેમ જ બોગસ સિક્કાઓ તૈયાર કરવામાં આવેલ હોય કે કોઈ પુરાવો હોય નહીં તેમજ બેકાર બેરોજગાર યુવાનો પાસેથી કોઈ રોકડ રકમ સ્વીકારેલ નથી કે રકમ પોલીસે કબ્જે કરેલ નથી અને ઉચ્ચ અદાલતના રજૂ કરેલા ચુકાદાઓ ધ્યાને લઇ સેશન્સ જજે જામીન અરજી મંજૂર કરી છે. આ કામમાં રાકેશકુમાર ભગત વતી એડવોકેટ રોહિતભાઈ ઘીયા અને હર્ષ રોહિતભાઈ ઘીયા રોકાયા હતા.

PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

# હોસ્પિટલ ચોક બ્રિજનું કામ પુરજોશમાંઃ જુલાઇમાં કામ પુરૂ થઇ જાય તેવી શક્યતા

**બ્રિજ બન્યા બાદ ૫૦,૦૦૦ વાહનને થશે ફાયદો, જામનગર રોડથી અમદાવાદ તરફ જવામાં અડધી કલાક બચશે**

**થ્રી આર્મ ફ્લાય ઓવરબ્રિજમાં ત્રણેય તરફના રોડ બની ગયા તેને જોડવાનું કામ બાકી**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ: રાજકોટ શહેરમાં અલગ અલગ ૫ સ્થળે બ્રિજ બની રહ્યા છે પણ તે પૈકી સૌથી પહેલા હોસ્પિટલ ચોક તૈયાર થશે. થ્રી આર્મ ફ્લાય ઓવરબ્રિજમાં ત્રણેય તરફના રોડ બની ગયા છે તેને જોડવાનું કામ બાકી છે જે જુલાઈના અંત સુધીમાં પૂરું થઈ જશે. આ બ્રિજ એક તરફ જામનગર રોડ બીજી તરફ ગ્રીનલેન્ડ ચોક અને ત્રીજી તરફ જવાહર રોડ સુધી જાય છે. ૨૦૧૮માં પહેલા ટ્રાફિક સરવે કરાયો હતો જે મુજબ ૪૫૪૪૯ વાહન એક દિવસમાં આ ચોકમાંથી પસાર થયા હતા દર વર્ષે તેમાં ૨ ટકા વધારો ગણીએ તો સરેરાશ તેના કરતા ૮ ટકા ટ્રાફિક વધ્યો હોય એટલે હવે ૫૦,૦૦૦થી વધુ વાહનોને તેનો લાભ થશે.જુલાઇ માસના અંત સુધીમાં કોઈપણ ભોગે સિવિલ હોસ્પિટલ ચોક બ્રિજનું કામ પૂર્ણ કરવા એજન્સીને મહાનગરપાલિકા દ્વારા હવે વધુ એક નોટિસ ફટકારવામાં આવી છે. ખાસ કરીને ૨૪ કલાક કામ ચાલુ રાખવા તાકિદ કરવામાં આવી છે. વચ્ચેના સમયગાળામાં કપચીની હડતાળના કારણે કામ થોડું મંદ પડ્યું હતું તેમ છતાં હાલની સ્થિતિએ ૮૫ ટકા કામ થયું છે. આ ઉપરાંત ન્યુ રાજકોટમાં કાલાવડ રોડ પર કેકેવી ચોક ઓવરબ્રિજ પ્રોજેકટ, જડૂસ ચોક ઓવરબ્રિજ પ્રોજેક્ટ તેમજ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાનામવા ચોક અને રામાપીર ચોકમાં પણ ચારેય બ્રિજના કામમાં ઝડપ વધારવા નોટિસ ફટકારાઇ છે. મહાનગરપાલિકા દ્વારા રાજકોટમાં પાંચ બ્રિજના કામ ચાલી છે. ત્યારે સિવિલ હોસ્પિટલ ચોકના બ્રિજના કામનો કમિશનર સતત રીવ્યુ કરી રહ્યા છે. આ કામ અન્ય બ્રિજ કરતા પણ પ્રાથમિકતામાં આગળ રાખીને દિવસ-રાત કામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે હાલ ૫૫ ટકા જેટલું કામ પૂર્ણ થયાનું અધિકારીઓએ જણાવ્યું છે. આ બ્રિજ પાછળ ૮૪ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

## વડિયાઃ ભારતીય કિસાન સંઘ દ્વારા વીજદર સમાન કરવા અંગે મામલતદારને આવેદન



**(કિરીટ જોટવા દ્વારા)**

વડિયા, તા.૧૬

હાલ દેશમાં વીજદર બાબતે ભારતીય કિસાન સંઘ સરકાર સામે મેદાનમાં આવીને ખેતીમાં આપવામાં આવતી વીજળી હોર્સ પાવર અને મીટર આધારિત બંને રીતે આપવામાં આવે છે. જેના વીજ દર જુદા જુદા હોવાથી સમાન વીજદર કરવાની માંગણી સાથે ખેડૂતોના અન્ય પ્રશ્નો જેવાકે તાલુકા મથક પર માર્કેટિંગ યાર્ડના નિર્માણ, દિવસે દસ વીજળી ખેતી માટે આપવી, પ્રાણીઓના ખેતીમાં નુકસાન માટે તાર ફેન્સીંગમા ૧૦૦%સબસીડી, એમએસપી થી ખરીદી, લસણ અને ડુંગળી માટે પોષણક્ષમ ભાવની માંગણી સાથે ભારતીય કિસાન સંઘના વડિયા કુંકાવાવ તાલુકાના પ્રમુખ વિનુ રાદડિયા, મહામંત્રી કિશોર ગેવારીયા સહીત મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનો અને ખેડૂતો જોડાઈ વડિયા મામલતદાર કચેરીના ફરજ પરના અધિકારીને કિસાનોની સમસ્યાઓ બાબતે આવેદનપત્ર આપી મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને સંબોધીને મામલતદાર મારફત સમસ્યાઓ સરકાર સુધી રજુ કરાઈ છે. તેમાંથી કેટલી સમસ્યાઓનું નિરાકરણ સરકાર દ્વારા કરવામાં આવશે તેતો આવનારો સમય જ બતાવશે. તેમ જણાવ્યું છે.(૧.૧૧)

## જસદણમાં ધમાકેદાર મેઘસવારીઃ અઢી ઈંચ વરસાદ વરસતા ખેડૂતો ખુશખુશાલ



**(બ્રિજેશ વેગડા દ્વારા)**

જસદણ: જસદણ તાલુકાના બળધોઈ ગામે બપોરના મેઘરાજા મહેરબાન થવા પામ્યા હતા માત્ર ચાર કલાકમાં બે થી અઢી ઈંચ વરસાદ વરસતા ગામની ચારણ નદીમાં ઘોડાપુર ઉમટી પડ્યા હતા સાથે નજીક આવેલ નાના મોટા ચેકડેમ ભરપૂર વહ્યા હતા. જો કે સારા વરસાદથી લોકો ખુશખુશાલ થવા પામ્યા હતા. અમુક જગ્યાએ ભજિયાના તાવડા મુકાયા હતા. લોકો ગેલમાં નદીઓ ભરપૂર બલધોઇમાં જ્યારે નજીક આવેલ મોટાદડવામાં ખાબોચિયું પણ ભરાયું ન હતું.(૧૩.૧૧)

## કેશોદઃ ભારતીય કિશાન સંઘ દ્વારા મામલતદારને આવેદનપત્ર

**(ગોવિંદ હડિયા દ્વારા)**

કેશોદ, તા.૧૬

કેશોદ તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતોના વિવિધ પ્રશ્ને મામલતદારને આવેદનપત્ર આપી ધરણા કર્યા હતા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં કિસાનોને વીજ પુરવઠો હોર્સ પાવર આધારીત અને મીટર આધારીત આપવામાં આવે છે. જેમા બન્નેના વીજદરમાં તફાવત છે. જેથી વીજ મીટર આધારીત ખેડૂતોને નુકશાની જાયછે જેથી મીટર આધારીત ખેડૂતોને પણ હોર્સ પાવર આધારીત ભાવથી વીજ પુરવઠો આપી સમાનતા લાવવા જેવા કે, મીટર આધારીત વીજદર અને હોર્સ પાવર આધારીત વીજદરમાં સમાનતા લાવવી કલ્પસર યોજના તાત્કાલીક શરૂ કરવી, રીસર્વેની કામગીરી તાત્કાલીક પૂર્ણ કરવી અને ખેડુતોને પડતી મુશ્કેલીઓનું તાત્કાલીક નિવારણ કરવું. જેમા ખેડુતોનો પક્ષ રાખવાની સતા આપવી સહિતની માંગણીઓ સાથે કેશોદ તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા કેશોદ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને ધરણાં કર્યા હતા.



ખેડૂતોના વિવિધ પ્રશ્ને ભારતીય કિશાન સંઘે કેશોદ મામલતદાર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું હતું અને જો માંગણીઓ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. તેમ જણાવ્યું છે.(૧૩.૧૧)

## સરસ્વતી પ્રાથમિક શાળાના બાળકોને ચંપલ વિતરણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત શ્રી સરસ્વતી પ્રાથમિક શાળા નંબર સપ્તાહમાં બાળકોની ચપ્પલ વિતરણ કરવામાં આવ્યા. દાતાઓની મદદથી બાળકોને આપવામાં આવ્યા.

શિલ્પાબેન ડાભીએ દાતાઓના સહયોગથી જે બાળકોને આ ઉનાળાના તાપમાં પહેરવા માટે ચંપલ ન હોય તેમને ચંપલ અપાવ્યા. દર વર્ષે બાળકોની આ શાળામાં દાતાઓના સહયોગથી જરૂરી વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. આ સાથે શિક્ષકે સમાજના અન્ય દાતાઓને પણ અનુરોધ કર્યો હતો કે તેઓ શાળાના વિકાસમાં સહયોગ આપે. તેમ જણાવ્યું છે.(૧૩.૧૧)

## ગુજરાતને એક વધુ ભેટ, ધોલેરામાં ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ



**રૂ.૧૩૦૫ કરોડની દરખાસ્ત મંજુર કરતી મોદી સરકારઃ ગુજરાતનાં આર્થિક વિકાસ માટે લેવાયેલા નિર્ણય બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સમગ્ર ગુજરાતવતી આભાર માનતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ**

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલી આર્થિક બાબતોની કેન્દ્રીય કેબિનેટ સમિતિની બેઠકમાં ધોલેરાનાં આંતરરાષ્ટ્રીય ન્યુ ગ્રીનફિલ્ડ એરપોર્ટનાં વિકાસ માટે રૂ.૧૩૦૫ કરોડનાં પ્રોજેક્ટને લીલીઝંડી આપવામાં આવી હતી. એરપોર્ટનાં વિકાસ પ્રોજેક્ટનાં પહેલા તબક્કા માટે મોદી સરકારે રૂ.૧૩૦૫ કરોડ મંજુર કરી દીધા છે. આ પ્રોજેક્ટ આગામી ૪૮ મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાતનાં સર્વગ્રાહી વિકાસને નવી દિશા અને ગતિ આપનારા ધોલેરા એરપોર્ટને મંજૂરી આપવા માટે વડાપ્રધાન મોદી અને કેન્દ્ર સરકારનો ગુજરાતની જનતાવતી હૃદયપૂર્વક આભાર માન્યો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ગ્રીનફિલ્ડ એરપોર્ટના પ્રથમ તબક્કાને મંજૂરી આપતા મલ્ટી મોડેલ કનેક્ટિવિટી અને પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટનાં ભવિષ્યમાં થનાર આયોજન સફળતા પૂર્વક સાકાર કરી શકાશે.

આ પ્રોજેક્ટ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલોપમેન્ટ તથા ગુજરાત સરકારનાં સંયુક્ત સાહસ ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડ મારફતે સાકાર થવાનો છે. એરપોર્ટ મારફત સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયનનાં કાર્ગો ટ્રાફિક હેન્ડલિંગ થકી આસપાસનાં ઔધોગિક વિસ્તારોનું કાર્ગો પરિવહન થશે. શરૂઆતમાં એરપોર્ટ વાર્ષિક ૩ લાખ પેસેન્જરની હેરફેર કરશે અને વાર્ષિક ૨૦ હજાર ટન કાર્ગો ટ્રાફિક વહન ક્ષમતા ૨૦ વર્ષમાં વધારીને બે લાખ ૭૩ હજાર ટન પહોંચે તેવી ધારણા છે. આ રીતે ગુજરાતને વિશ્વકક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આ પ્રોજેક્ટ સિધ્ધીના નવા શિખર સમાન બની રહેશે. અમદાવાદથી અંદાજે ૮૦ કિમી દૂર સુચિત ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટની કામગીરી ૨૦૨૫-૨૬ સુધીમાં પૂરી થઇ જાય અને એરપોર્ટ કાર્યરત થઇ જાય તેવી શકયતા છે.(૨.૧૨)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

## રાજકોટના જળાશયોમાં નવા નીરના આગમન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

શહેર અને આસપાસના વિસ્તારોમાં મેઘરાજાનું છેલ્લા ચાર દિવસ જોરશોરથી આગમન થયું છે. જેને પરિણામે જિલ્લાના વિવિધ જળાશયોમાં નવા નીરના આવક શરૂ થઇ ગયેલ છે.

રાજકોટ નજીક ૪ જળાશયોમાં નવા નીરની મુજબ આજી-૩ ડેમમાં ૧૫ મીમી ફૂટ, ન્યારી-૨ ડેમમાં ૪૫ મીમી, ખેડાપીપર ડેમમાં ૧૦ મીમી, છાપરવાડી ડેમમાં ૩૫ મીમી નવા નીર સાથે રાજકોટ જિલ્લાના જળાશયોમાં સરેરાશ ૨૩.૨૯% પાણી પ્રવર્તમાન સ્થિતિએ ઉપલબ્ધ હોવાનું રાજકોટ સિંચાઇ વર્તુળની યાદીમાંથી જણાવાયું છે.(૧૩.૧૧)

## દેશને ૪-જી કરતા ૧૦ ગણી વધુ ઝડપી ૫-જી સેવાઓ ટૂંક સમયમાં મળશે

**કેબિનેટ દ્વારા ૫-જી સ્પેક્ટ્રમની હરાજીને મંજૂરી અપાઈ, ૨૦ વર્ષનાં ગાળા માટે ૭૨ ગીગા હર્ટઝથી વધુ સ્પેક્ટ્રમની હરાજી કરવા મોદી સરકારની લીલીઝંડી**

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ૫-જી સેવાઓ માટે સ્પેક્ટ્રમની હરાજી કરવા દૂર સંચાર વિભાગને મંજૂરી આપી દેવામાં આવી છે. જેથી જાહેર અને ખાનગી સાહસોને ૫-જી સેવાઓ પ્રદાન કરવા માટે બીડમાં સફળ થનારને સ્પેક્ટ્રમ સોંપવામાં આવશે.

દેશમાં બનાવેલી ૪-જી ઇકો સિસ્ટમ હવે ૫-જી સ્વદેશી વિકાસ તરફ દોરી રહી છે. ભારતની ૮ ટોચની ટેકનોલોજી સંસ્થાઓમાં ૫-જી ટેસ્ટબેડ સેટઅપ ભારતમાં સ્થાનિક ૫-જી ટેકનોલોજીનાં પ્રારંભને વેગ આપી રહ્યા છે. ભારત થોડા સમયમાં ૫-જી અને આવનારી ૬-જી ટેકનોલોજી ક્ષેત્રમાં અગ્રણી દેશ તરીકે ઉભરી આવશે.

જુલાઈ-૨૦૨૨ નાં અંત સુધીમાં યોજાનારી હરાજીમાં ૨૦ વર્ષ માટે ૭૨ ગીગા હર્ટઝથી વધુ સ્પેક્ટ્રમની હરાજી કરવામાં આવશે. મંત્રી મંડળે ટેલીકોમ ક્ષેત્રમાં સુધારાની ગતિ ચાલુ રાખી છે. આ વખતે પણ ઘણી સરળતા કરવામાં આવી છે. આ વખતે સફળ બીડર દ્વારા અપફ્રન્ટ ચુકવણી કરવાની ફરજીયાત આવશ્યકતા નહીં રહે. ૨૦ સમાન વાર્ષિક હપ્તામાં ચુકવણી કરી શકાશે. રોકડ પ્રવાહની જરૂરિયાતોને સરળ બનાવવાથી ટેલીકોમ વ્યવસાય કરવાની કિંમતમાં પણ ઘટાડો થવાની આશા છે.(૨.૧૨)








(તસવીરઃ દિલીપ ગોહેલ)

# રાજકોટનો ટી-૨૦ જીતી શ્રેણી સરભર કરવા કાલે મેદાનમાં ઉતરશે ભારતીય ટીમ







ભારતીય ટીમ બપોરથી જ નેટ પ્રેક્ટીસ માટે મેદાનમાં ઉતરી પડીઃ હોટેલને રંગબેરંગી શણગારથી સજાવાઈઃ બપોરે નેટમાં પરસેવો પાડી રહ્યા છે ખેલાડીઓ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

વિશાખાપટ્ટનમ ખાતે ત્રીજો વનડે શાનદાર રીતે જીતી લીધા બાદ ઉત્સાહમાં આવી ગયેલી ભારતીય ક્રિકેટ ટીમનાં સિતારા અને દ.આફ્રિકાના ખેલાડીઓએ આજે રાજકોટ આગમન કર્યું છે. બંને ટીમોના ખેલાડીઓનું હોટેલ પર પરંપરાગત કાઠિયાવાડી સ્ટાઈલથી ભવ્ય અને શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. પોતાના માનીતા ખેલાડીઓની ઝલક મેળવવા માટે હોટેલની બહાર મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો ઉમટી પડ્યા હતા અને ખેલાડીઓને બસમાંથી ઉતરતા જોઇને હર્ષનાદોથી વધાવી લેતા હતા. ભારતીય ટીમ બપોરથી જ નેટ પ્રેક્ટીસ માટે મેદાનમાં ઉતરી પડી હતી. તમામ ટોચનાં બેટધરો અને બોલરો નેટમાં પરસેવો પાડતા અમારા તસ્વીરકારના કેમેરામાં ઝીલાયા હતા.

બંને ટીમનાં ખેલાડીઓ જ્યાં ઉતર્યા છે એ કાલાવડ રોડની ફાઈવસ્ટાર સયાજી હોટેલને અંદર અને બહારથી રોમાંચક રીતે શણગારવામાં આવી છે. બંને ટીમોનાં સુકાનીઓ રિષભ પંત અને બાવુમા તેમજ ખૂબ જ લોકપ્રિય હાર્દિક પંડ્યા તથા ચહલ વગેરેની આદમ કદની તસ્વીરો હોટેલની બહાર લગાવવામાં આવી છે. આખી હોટેલ રોશનીથી ઝળાહળા કરવામાં આવી છે. ખેલાડીઓનાં રૂમને પણ અલગ- અલગ થીમથી શણગારવામાં આવ્યા છે. સુકાની રિષભ પંતને ખાસ રાજસ્થાની સ્યુટ આપવામાં આવ્યો છે. તો આફ્રિકી સુકાની પ્રેસિડેન્સીયલ સ્યુટમાં રહેશે. ખેલાડીઓની માંગ અને બીસીસીઆઈની સુચના મુજબ જાત-જાતની અને ભાત-ભાતની ભારતીય તથા કોન્ટીનેન્ટલ

(અનુ.પાના નં.૪ ઉપર)



સ્ટેડીયમ ખાતે કલેકટરને તમામ વ્યવસ્થાની જાણકારી પુરી પાડી હતી. આ તકે કલેકટર તેમજ પોલીસ અધિક્ષક સાથે પ્રાંત અધિકારી વીરેન્દ્ર દેસાઈ, ચીફ ફાયર ઓફિસર આઈ.વી.ખેર, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના માંધાતા નિરંજનભાઈ શાહ, જયદેવ શાહ, કરણભાઈ શાહ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટઃ ભાડે આપેલ ૧૬ આવાસો સીલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ક્રાંતિવીર ખુદીરામ બોઝ અને લોકમાન્ય તિલક ટાઉનશીપ, રેલનગર વિસ્તારમાં બનાવવામાં આવેલ છે. જેમાં તા.૨૬/૫ના રોજ ક્રાંતિવિર ખુદીરામ બોઝ ટાઉનશીપમાં ભાડુઆત અંગેનું ચેકિંગ કરવામાં આવતા A-34, D-52, E-52, E-61 તેમજ E-63 નંબરના આવાસમાં મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ રહેતા માલુમ પડેલ હોવાથી નોટીસ આપવામાં આવેલ હતી.

ઉપરાંત ગત તા.૬/૬ના રોજ લોકમાન્ય તિલક ટાઉનશીપમાં ભાડુઆત અંગેનું ચેકિંગ કરવામાં આવતા D-72, E-13,

(અનુ.પાના નં.૪ ઉપર)

## આવાસ હપ્તા પેટે ૨૮ કરોડથી વધુની આવક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત આજદિન સુધીમાં ૩૧,૦૦૦ થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP - 1,2,3, રાજીવ આવાસ યોજના, ગુરૂજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે. આવાસ યોજના વિભાગ દ્વારા તા.૧/૪ થી તા.૧૫/૬ સુધીમાં રૂ.૨૮,૪૪,૩૨,૮૨૦ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ. જ્યારે તા.૧/૬ થી તા.૧૫/૬ સુધીમાં રૂ.૭,૦૮,૩૬,૭૩૯ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ. તા.૧૫/૬ના રોજ એક જ દિવસમાં ૯૦,૭૭,૮૫૧ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ. આવાસ યોજના વિભાગના આસી. મેનેજરે જણાવ્યું છે.

### ૧૩ સ્થળોએ ફરવા આવનાર હજારો, સુવિધાનાં વપરાશકર્તા નહીંવત

# મનપાનું ફ્રી વાઈ-ફાઈઃ દૈનિક યુઝર્સ માત્ર ૧૯૭

## સૌથી વધુ રેસકોર્સ હોટ-ફેવરીટ, જયાં ૧૪૦૦ યુઝર્સે એક મહિનામાં ૧૦૦૦ જીબી ડેટા વાપર્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

વર્તમાન મોબાઈલ યુગમાં પણ હવે ફાઈય-જી ટેકનોલોજીનાં આરંભનું કાઉન્ટ ડાઉન્ટ ચાલુ થઈ ગયું છે. ત્યારે એ બાબત ઉલ્લેખનીય છે કે રાજકોટમાં એક સર્વે પ્રમાણે દર ૧૦ પૈકી ૮ વ્યકિત મોબાઈલ ફોન ધરાવે છે. અને તેની પાછળ દર મહિને સરેરાશ રૂા.૧૮૦ ખર્ચ પણ દરેક મોબાઈલ ધારક કરે છે.

આશ્ચર્યની વાત એ છે કે, રાજકોટમાં અનેક ચા-નાસ્તાની હોટલો કે રેસ્ટોરન્ટોમાં ગ્રાહકોને આકર્ષવા માટે ફ્રી વાઈ-ફાઈ સુવિધા આપવામાં આવે અને યુવા-વર્ગ તેનો લાભ પણ ઉઠાવે છે. પરંતુ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરમાં ૧૩ જાહેર સ્થળોએ આવી જ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે., પણ તેનો ઉપયોગ કરવાનો ક્રેઝ જોવા મળતો નથી. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશને ગત જનરલ બોર્ડમાં જાહેર થયા પ્રમાણે, શહેરમાં હાલ રેસકોર્સ રીંગ રોડ, લવ ગાર્ડન, આજી ડેમ, એસ્ટ્રોન ચોક, ભગવતસિંહ ગાર્ડન, ભક્તિનગર સર્કલ, પ્રેમ મંદિર ગાર્ડન, શેઠ હાઈસ્કૂલ સામે ગાર્ડન, જયુબેલી બાગ, પારૂલ ગાર્ડન, પ્રધ્યુમન પાર્ક, શારદાબાગ અને સોરઠીયાવાડી સર્કલ મળીને ૧૩ જાહેર સ્થળોએ ફ્રી વાઈ-ફાઈ સુવિધા ચાલુ છે. આ સ્થળોએ દરરોજ ૭૦ હજારથી વધુ લોકો આવે છે, પણ ફ્રી વાઈ-ફાઈનો લાભ માત્ર સરેરાસ ૧૯૭ લોકો લે છે.

ગત મે મહત્વનાનાં આકડા જોઈએ તો સૌથી વધુ રેસકોર્સ હોટ-ફેવરીટ રહ્યું હતું. જ્યાં દૈનિક ૪૭ મળીને એક મહિનામાં ૧૪૦૯ યુઝર્સે ફ્રી વાઈ-ફાઈથી કનેક્ટ થઈને અપલોડ- વડે ૧૦૨૪ જીબી ડેટા વાપર્યો હતો. બીજા નંબરે કાલાવડ રોડ સ્થિત પ્રેમ મંદિર પાસેનાં ગાર્ડનમાં લાગેલ ફ્રી વાઈ-ફાઈનો ૯૨૩ યુઝર્સે લાભ લઈને ૮૯૦ જીબી ડેટાનો ઉપયોગ કર્યો હતો. ત્રીજા નંબરે સોરઠીયાવાડી સર્કલ પાસે મહિનામાં ૭૨૫ લોકોએ ૫૭૯ જીબી ડેટા વાપરી નાંખ્યો હતો. આમ, ૧૩ સ્થળોએ મે મહિનામાં કુલ ૫૮૮૫ યુઝર્સે ફ્રી વાઈ-ફાઈનો લાભ લઈને ૩૬૦ જીબી અપલોટ અને ૪૨૮૭ જીબી ડાઉનલોડ કરીને કુલ ૪૬૪૮ જીબી ડેટા વાપર્યો હતો. જો કે, અહીં જાહેર સ્થળોએ આવતા લોકોની સરખામણીએ લાભ લેનારની સંખ્યા નહીંવત છે. કારણ કે, મોટા ભાગનાં લોકોને આવી સુવિધાની ખબર જ નથી.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો


ફક્ત રૂા.૬૦માં

+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426


# વડાપ્રધાને સ્કોલરશીપ યોજના જાહેર કર્યાનાં વાઈરલ થતા સોશિયલ મીડિયા સંદેશાથી જાગૃત રહેવા રાજકોટ મનપાની જાહેર જનતાને અપીલ




આ એ વાયરલ સંદેશાની પ્રતિકૃતિ અત્રે પ્રસ્તુત છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

છેલ્લા કેટલાક દિવસથી સોશિયલ મીડિયામાં એક સ્લાઈડ વાઈરલ કરવામાં અવી રહી છે. જેમાં ધો.૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ જોગ એક સંદેશો લખાયો છે. જેમાં નવી સ્કોલરશીપ યોજના જાહેર થઇ છે અને તેના ફોર્મ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી મળશે એવું લખીને વાઈરલ કરવામાં આવી રહ્યું છે. રાજકોટ મનપાએ આવા સ્લાઈડ વાઈરલ સંદેશાથી સાવચેત રહેવા જાહેર જનતાને વિનંતી કરી છે.

એ વાઈરલ સંદેશામાં એવું લખાયું છે કે, 'માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્કોલરશીપ યોજના જાહેર કરી છે. જેનું નામ અબ્દુલ કલામ અને વાજપેયી યોજના છે. જેના ફોર્મ મ્યુ.કોર્પોરેશનમાંથી મળશે. ૪૫ ટકાથી વધુ ગુણ હોય તો ૧૦ હજાર અને ૫૫ ટકાથી વધુ હોય તો ૨૫ હજાર સુધીની સ્કોલરશીપ મળશે. આધારકાર્ડ તથા એસબીઆઈ બેંકમાં ખાતું જરૂરી છે. જેના ફોર્મ મ્યુ.કોર્પોરેશનમાંથી મળશે'. આ સંદેશામાં એક ભળતી બનાવટી વેબસાઈટનું નામ પણ આપવામાં આવ્યું છે. આ સ્લાઈડની પ્રતિકૃતિ સમાચારની સાથે આપવામાં આવી છે. રાજકોટ મનપાની યાદીમાં જાહેર કરવામાં આવ્યું છે કે, કોઈ સ્કોલરશીપ અંગેનાં ફોર્મનું મનપા ખાતે વિતરણ કરવામાં આવતું નથી. જેની જાહેર જનતાએ નોધ લેવી.(૨.૧૨)

### રાજકોટ મનપાની ફૂડ શાખા દ્વારા કરાઈ કામગીરી

# ફેટ સ્પ્રેડ કેશર શિખંડ તથા શુધ્ધ ઘીના બે નમુના સબસ્ટાન્ડર્ડ જાહેર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકાના ફુડ વિભાગ દ્વારા શહેરના વિવિધ ભાગોમાં ઘોંશ બોલાવવામાં આવી હતી. જેમાં ખાદ્યચીજ ફેટ, સ્પ્રેડ, કેસર શિંખડ તથા શુધ્ધ ઘીના બે નમૂના મળી ચાર નમૂના તપાસ બાદ રિપોર્ટમાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ તેમજ કેક એન જોય આલમંડ કુકીઝ (૨૦૦૯ પેક)નો નમૂનો રિપોર્ટમાં મિસબ્રાન્ડેડ ફૂડ જાહેર થયેલ છે.

જલારામ ઘી ડેપો- વિનાયક નગર ઉદયનગર -૧, મવડી મેઇન રોડ રાજકોટ મુકામેથી બીરેન પિયુષભાઈ જોબનપુત્રા પાસેથી લેવાયેલ ખાદ્યચીજ - શુદ્ધ ઘી (લૂઝ) નો નમૂનો તપાસ બાદ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) તથા તીલ ઓઇલની હાજરી મળી આવતા સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ.

જલીયાણ ઘી સેન્ટર -કોઠારીયા રોડ, દેવપરા શાકમાર્કેટ પાસે, પરેશભાઈ રામણીકભઇ કોટક પાસેથી પાસેથી લેવાયેલ ખાધચીજ - શુદ્ધ ઘી (લૂઝ) નો નમૂનો તપાસ બાદ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) તથા તીલ ઓઇલની હાજરી મળી આવતા સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ.

ગણેશ ડેરી ફાર્મ, રાધેક્રિષ્ના એપાર્ટમેન્ટ દુકાન નં.-૧, નવલનગર, મવડી મેઇન રોડ, શૈલેષભાઈ માવજીભાઇ

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.